## (૪૫૧) સ્વાતંત્ર્ય સેનાની મવ. સૈયદ હુસૈન અહમદ મદની (રહ.)

મૌલાના સૈયદ હુસૈન અહમદ મદની એક પ્રખ્યાત ઇસ્લામિક વિદ્વાન અને સ્વતંત્રતા સેનાની હતા. તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ, ખિલાફત ચળવળ અને ભારતીય સ્વતંત્રતા ચળવળના પ્રભાવશાળી નેતા હતા.તેઓ એક હાજર જવાબ,સારા વક્તા અને સારા તર્કશાસ્ત્રી હતા.તેમના પિતા સૈયેદ હબીબુલ્લાહ, પૈગમ્બર મુહમ્મદ (સ.વ) ના વંશજ હતા. ૧૩વર્ષની ઉંમરે, તેમના પિતાએ તેમને દારુલ ઉલૂમ દેવબંદ મોકલ્યા હતા. દારુલ ઉલૂમ દેવબંદમાંથી સ્નાતક થયા પછી તેઓ મદીના ગયા. જ્યાં તેમણે અરબી વ્યાકરણ, ફિકહ,ઉસૂલ અલ - હદીસ અને કુરાનિક વિદ્યા શીખવવાનું શરું કર્યું. ધીરે-ધીરે આપની વિદ્યા ખ્યાતી ખુબ વ્યાપક બની.તેમની આસપાસ વિદ્યાર્થીઓનું ટોળું એકઠું થયું.આ સમયે તેમની ઉંમર માત્ર ૨૪ વર્ષની હતી.તેઓએ શિક્ષણ ક્ષેત્રે એટલી ખ્યાતી મેળવી કે મધ્ય-પૂર્વ આફ્રિકા,ચીન,અલ્જીરિયા,ભારતના વિદ્યાર્થીઓ જ્ઞાન મેળવવા માટે આવવા લાગ્યા.

સઊદી અરબમાં ભણાવતા હતા ત્યારે તેમના ઉસ્તાદ મવ.મહમૂદ હસનને 'રેશમપત્ર ષડયંત્ર' માં ભૂમિકા બદલ અંગ્રેજોએ સજા સંભળાવી હતી, ત્યારબાદ તેમને માલ્ટા ટાપુ પરની જેલમાં મોકલવામાં આવ્યા હતા.

તેમના વૃધ્ધ ગુરૂની સેવા કરવા માટે મૌલાના મદની સાથે ત્રણ વિદ્યાર્થીઓએ જવાનો નિર્ણય કર્યો

બીજા વિશ્વયુદ્ધના અંતે સાડા ત્રણ વર્ષની જેલવાસ પછી, શૈખુલ હિંદ (રહ.) અને મૌલાના હુસૈન અહમદ મદની સહીત તેમના તમામ સાથીઓને આખરે મુકત કરવામાં આવ્યા.

તેમની મુકિત પછી તેઓએ ૧૯૨૦માં કોંગ્રેસ ખિલાફત સંધિને એકજુથ કરવામાં મહત્વપુર્ણ ભુમિકા ભજવી હતી અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સાથે ભારતીય ઉલેમાના સહયોગ માટે ભૂમિકા તૈયાર કરી હતી. **(બાકી)**

## (૪૫૨) સ્વાતંત્ર્ય સેનાની મૌલાના સૈયદ હુસૈન અહમદ મદની (રહ.)

૧૯૩૦ અને ૧૯૫૦ ના દાયકાના ધાર્મિક રીતે મુશ્કેલ વર્ષો દરમિયાન જયારે ધાર્મિક વિચાર હિંન્દુ મહાસભા અને મુસ્લીમ લીગ જેવા બે ચરમ પંથો વહેંચાયેલા હતા ત્યારે મૌલાના મદની એ વારંવાર લખ્યું,તર્ક કર્યુ અને ઝુંબેશ ચલાવી કે કોંગ્રેસ સાથે બધા ધર્મના લોકોએ મળીને સંયુકત સંઘર્ષ કરવો જોઇએ અને સાથે - સાથે તેમણે કુર્આન અને પેગમ્બર મુહંમદ સલ.ની હદીસોને આધાર પર સમુદાયો વચ્ચે એકતા અને સહકારને ઉચિત ઠેરાવવો જોઇએ.

મૌલાના મદનીએ પાકિસ્તાનની રચના અને બે રાષ્ટ્ર સિદ્ધાંતના તર્કનો વિરોધ કર્યો હતો.

તેમના તમામ પ્રયત્નો છતાં મૌલાના દેશના ભાગલાથી ખુબજ દુ:ખી હતા,મવ.મદની અને અન્ય ઘણાં મુસ્લિમ ધાર્મિક નેતાઓએ લાખો મુસ્લિમોને ભારતમાં રહેવા માટે રાજી કર્યા.

આઝાદી પછી જવાહરલાલ નેહરૂની આગેવાની હેઠળની નવી સરકારે મૌલાનાને વિવિધ રાજકીય પદો આપવાનો પ્રયાસ કર્યો પરંતુ મૌલાના મદનીએ ખુબજ નમ્રતાથી ના પાડી અને દેવબંદ મદ્રસામાં ભણાવવાનું પોતાનું કાર્ય ફરી શરૂ કર્યું મૌલાના મદની ૧૯૫૪ માં પદમ ભુષણ એવોર્ડ મેળવનારાઓમાં પ્રથમ હતા.

૫ ડિસેમ્બર ૧૯૫૭ના રોજ મૌલાના મદનીના મૃત્યુ પછી પાર્થિવ શરીરને ત્રિરંગામાં લપેટવામાં આવ્યું હતુ અને દેશનું સર્વોચ્ચ સન્માન આપવામાં આવ્યું હતું અને છેલ્લી મુલાકતમાં પ્રધાનમંત્રી નેહરૂ અને મંત્રીમંડળના અનેક મંત્રી પણ હાજર હતા - ૨૯ ઓગષ્ટ ૨૦૧૨ ના રોજ ભારતીય ટપાલ વિભાગે મૌલાના મદનીના સન્માનમાં એક સ્મારક ટપાલ ટિકીટ બહાર પાડી.

## (૪૫૩) ઇબ્રત - બોધ દાયક કિસ્સો

આ કિસ્સો ડાભેલ જામેઅહમાં પઢેલા એક આલીમ સા.નો છે જેઓ આફ્રિકામાં ખિદમત કરી રહયા છે.તેમની મેહનત ગરીબ કાળા વર્ગના બાળકો ઉપર છે તેઓ બયાન ફરમાવે છે કે હું મદ્રસહમાં બળકોને પઢાવી રહયો હતો કે વર્ગના બહાર એક બાળક જેણે ફકત ચડ્ડી પહેરી હતી પોતાની ઝુબાનથી કંઇક કહી રહયો હતો. મેં એક તાલીબે ઇલ્મથી માલુમ કર્યુ તો તે કહી રહયો હતો કે મને પણ પઢાવો. મેં એને મારી પાસે બોલાવ્યો અને એને પઢાવવાનું શુરૂ કર્યુ.હોશીયાર હતો, અમુક પારહ હિફઝ કર્યા. એક વખત તે મારા ધમકાવવાથી ભાગી ગયો. મેં એને ફરી બોલાવી પઢવા લગાવી દીધો અને સારો હાફીઝ બન્યો, ખત્મે કુર્આનના જલ્સામાં એક ખાસ મેહમાન ત્યાંના એક સન્માનીય વ્યકિત પણ હતા. જયારે તે તાલીબે ઇલ્મને નામથી બોલાવવામાં આવ્યો તો તેઓ જોરથી રડવા લાગ્યા. મજલીસમાં સન્નાટો વ્યાપી ગયો. જયારે તેમને પૂછવામાં આવ્યું તો તેમણે જણાવ્યું કે એની માતા પાગલ છે અને બાપના પણ અખ્લાક સારા નથી. એની માતાએ જયારે તેને જન્મ આપ્યો તો ગાંડાપણને કારણે તેને ત્યજી દીધો. મહોલ્લાની સ્ત્રીઓએ તેનો ઉછેર કર્યો. અલ્લાહ તઆલાએ પોતાના કલામેપાકની હિફાઝત માટે એને પસંદ કર્યો, પાછળથી તે તાલીબે ઇલ્મ દૂબઇ ની એક સ્પર્ધામાં પણ સારો નંબર લાવ્યો.

આનાથી એ સાબિત થયું કે અલ્લાહ તઆલા પોતાના દીનની હિફાઝત અને ખિદમત માટે જેને ચાહે પસંદ ફરમાવે છે, તેના માટે ન તો ખાનદાન અને ન તો માલદારી આડે આવે છે - માટે ઇલ્મે દીનની સાથે જો ગરીબી પણ હોય જેમકે સામાન્ય રીતે જેવા મળે છે તો પરેશાન ન થવું જોઇએ બલ્કે અલ્લાહતઆલાએ જે નેઅમતોથી નવાઝયા હોય તેની કદર કરવી જોઇએ કારણકે આ પસંદગી અલ્લાહ તઆલા તરફથી હોય છે.

(સંદર્ભ: ઉલમાએ અહનાફ,દેવબંદ)

## (453) A lesson-An Enlightening Experience.

This experience is of one of the first Aleem in the DabhelJame'ah who is serving in Africa.He works upon thedeenitaalim of children of the poor black class.Henarrated that I was teaching (Quraan) the students in the madrasah. There was a kid outside the class who was wearing only shorts and was saying something in his language.I asked one of my student what he was saying , he was saying that "Teach (Quraan) me too." I called him to me and started teaching him. He was intelligent, he memorized (hifz) some parah. Once, he ran away from class due to my warning. I called him again. and made him join the class.He became a good Hafiz. On the Hifz completion ceremony there was anhonourable localchief guest.When that student (Hafeez),was called by name, to give certificate,the chief guest started crying. There was absolute silence in majlis. When asked for a reason, He said, this child's (Hafeez) mother is mentally unstable and father isnot good morally. When his mother gave birth to him, she abandoned him due to insanity. The women of the neighbourhood raised him. Allah Ta'ala chose him for the protection of His Word (Quraan). Later, that student was chosen to participate in worldwideQuraancompetition held in Dubai. This proved that Allah Ta'ala chooses whomever He wills for the protection and service of His Deen, neither nobility nor wealth is a hindrance for him.

**Important message:** If there is poverty along with Deen, as is usually the case, then one should not be disturbed. Rather, one should appreciate the blessings that Allah Ta'ala has bestowed upon him as Quraan in the heart is the most precious property one can ever have. He is the chosen one from Allah s.w.t. for His service.

(Ref: UlamaAhnaf, Deoband)

## (૪૫૪) પ્રખર વકીલ,સ્વાતંત્ર્ય સેનાની અને રાજનીતિજ્ઞ - બદરૂદ્દીન તૈયબજી

એક ભારતીય વકીલ,સ્વાતંત્ર્ય સેનાની અને રાજનેતા હતા. તેઓ બોમ્બે ઉચ્ચ ન્યાયાલયના પ્રથમ ભારતીય બેરિસ્ટર તથા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ત્રીજા પ્રમુખ હતા. બદરૂદ્દીન તૈયબજીનો જન્મ ૧૦ ઓકટોબર ૧૮૪૪ ના રોજ એક સમૃદ્ધ પરિવારમાં થયો હતો. તેમણે ઇંગ્લેન્ડમાં શિક્ષણ પૂર્ણ કર્યું, તેઓ ૧૮૬૭ માં એક વકીલ તરીકે પ્રખ્યાત થયા. બદરૂદ્દીન તૈયબજી બોમ્બેમાં પ્રથમ ભારતીય બેરિસ્ટર તરીકે ઓળખાયા. તેઓ ૧૮૮૫ અને ૧૯૦૨ માં બોમ્બે બેંચમાં નિયુકત થયા હતા,તેમજ તેઓ બીજા મુખ્ય ન્યાયાધીશ બન્યા, બદરૂદ્દીન તૈયબજી માટે કદાચ સૌથી સુંદર ક્ષણ એ હતી,જયારે તેમણે લોકમાન્ય તિલકને જામીન પર મુકત કરાવ્યા.

બદરૂદ્દીન તૈયબજીએ બ્રિટીશ સામ્રાજ્યવાદ દ્વારા ભારતીય નેતાઓને અન્યાયી માર્ગે જેલમાં મોકલવાનો સખત વિરોધ કર્યો. એક સમાજ સુધારાક તરીકે,બદરૂદ્દીન તૈયબજીએ શિક્ષણને પ્રોત્સાહન આપવામાં ખૂબ મહત્વની ભુમીકા ભજવી હતી,જેથી કરીને પછાતપણું અને પતનનો માર્ગ દૂર કરી શકાય. બદરૂદ્દીન તૈયબજીએ બોમ્બે પ્રેસિડેન્સી એસોસિએશન અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપનામાં પોતાનું મહાન યોગદાન આપ્યું હતું.૧૮૮૭ માં તેઓ કોંગ્રેસ અધિવેશનમાં તેના પ્રમુખ તરીકે નિયુકત થયા.

પહેલા તેઓ બોમ્બે સ્થિત અંજુમને ઇસ્લામના સચિવ હતા પછી તેના ચેરમનેન તરીકે નિમણૂક થયા. તેમણે મુસ્લિમ શિક્ષણ આધુનિક પ્રવાહ અનુસાર ઢાળવા પર ભાર મૂકયો.તેઓ ઇચ્છતા હતા કે મહિલાઓએ અવશ્ય શિક્ષણ મેળવવું જોઇએ જેથી તેઓ સમાજમાં પોતાનુ ઉચિત સ્થાન તથા અધિકાર મેળવી શકે.- આજ હેતુથી બદરૂદ્દીન તૈયબજી દ્વારા ૧૮૭૪ માં અંજુમને ઇસ્લામ નામની એક ઇન્ટિટયુટ શરૂ કરવામાં આવી.ઉપરાંત તેમણે "મુંબઇ પ્રેસિડેન્સી એસોસિએશન" ની રચના પણ કરી, જેથી મુસ્લિમ સમાજમાં શિક્ષણ પ્રાપ્ત કરવાની ભાવના કેળવાય.

૨૬ ઓગષ્ટ ૧૯૦૬ ના રોજ અચાનક જ હાર્ટ એટેકના કારણે તેમનું ૬૧ વર્ષની ઉંમરે મૃત્યુ થયું.

## (454) Badruddin Taiyabji an Indian Lawyer, Freedom Fighter and a Political leader.

He was the first Barrister of Bombay high court, He was the third president of Indian National Congress,Badruddin Taiyabji was born on 10 october, 1844 in a rich family. He completed his study in England in 1867. He became famous as a lawyer. He was appointed to the Bombay bench in 1885 and 1902. He also became the second chief justice. Perhaps the mot beautiful for Badruddin Taiyabji was, when he released Tilak on Bell.

Badruddin Taiyabji strongly opposed the unjust imprisonment of Indian leaders by Brisish imperialism. As social reformer, Badruddin Taiyabji played a very important role in promoting education so as to remove the path of backwardness and decline. Badruddin taiyabji contributed greatly to the establishment of the "Bombay presidency association" and " Indian National Congress" In 1887 he was apponted as the leader of the congress session.

First he was the secreetary of the Bombay based Anjuman e Islam then appointed as its chairman. He emphasized on adapting muslim education to Modern trends. He wante3d that women must get education so that they can get their rightful place and rights in the society.

Badruddin taiyabji wanted,the muslims should also get good education and become successful person in life, for this purpose an institute called "Anjuman e Islam" was started by Badruddin Tayabji.Apart from this he also formed " the Mumbai presidency association" to inculcate the spirit of education among the muslims.

On $26^{th}$ August 1906, he suddenly suffered a dangerous heart attack and died at age of 61.

## (૪૫૫) સરહદના ગાંધી :
## ખાન અબ્દુલગફાર ખાન

મહાત્માં ગાંધીના સંનિષ્ઠ સાથી ભારતના આગ્રણી સ્વાતંત્ર્યસેનાની,પ્રખર રાષ્ટ્રવાદી નેતા તથા સ્વાયત્ત પખ્તુનિસ્તાનના હિમાયતી હતા. મેટ્રિકની પરીક્ષા પછી લશ્કરની “ગાર્ડ્ઝ” પાંખમાં નોકરીમાં જોડાયા. ત્યાં હિંદી અધિકારીઓ સાથે થતા અપમાનજનક વ્યવહારના વિરોધમાં તેમણે લશ્કરમાંથી રાજીનામું આપ્યું. ત્યારે પછી ઉચ્ચ શિક્ષણ માટે તેમને અલીગઠ મોકલવામાં આવ્યા. ત્યાં તેમણે ઇસ્લામી ધર્મગ્રંથોનો અભ્યાસ કર્યો. પઠાણોમાં જાગૃતિ લાવવા તથા તેમનામાં રાષ્ટ્રપ્રેમની ભાવના પ્રજ્વલિત કરવાના હેતુથી ૧૯૧૦માં તેમણે પોતાના વિસ્તારમાં રાષ્ટ્રીય શાળાઓની સ્થાપના કરી. રોલેટ એક્ટ સામેના ગાંધીજીના આંદોલનમાં સક્રિય રીતે જોડાયા અને સરહદ પ્રાંતમાં ચેતના જગાડી. ૧૯૨૦માં કોંગ્રેસના નાગપુર અધિવેશનમાં હાજરી આપી તથા પોતાના વિસ્તારમાં ખિલાફત ચળવળની આગેવાની લીધી. ૧૯૨૧માં રાષ્ટ્રીય શાળાની સ્થાપના કરવા બદલ કારાવાસ ભોગવ્યો. ૧૯૨૪માં  સામાજિક સુધારણાનાં કાર્યોનું આયોજન અને સંચાલન કર્યું. પઠાણ કબીલાઓમાં સત્ય,અહિંસ, અનુશાસન અને રાષ્ટ્રપ્રેમના ગુણો કેળવાય તે હેતુથી ૧૯૨૯માં “ખુદાઇ ખિદમતગાર” નામના સંગઠનની સ્થાપના કરી.બ્રિટિશ સરકારે આ સંગઠન ગેરકાયદેસર જાહેર કર્યું. ૧૯૩૦માં અસહકારની ચળવળ દરમિયાન સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ ફરી કારાવાસ ભોગવ્યો. **(બાકી)**

## (૪૫૬) સરહદના ગાંધી :
## ખાન અબ્દુલગફાર ખાન

૧૯૩૧ માં કરાંચી ખાતેના કોંગ્રેસના અધિવેશનમાં હાજરી આપી. ૧૯૪૭માં મહાસમિતિમાં દેશના ભાગલા પડવા અંગે ઠરાવ રજુ થયો ત્યારે આ રાષ્ટ્રવાદી નેતાએ તેનો જોરદાર વિરોધ કર્યો. કોંગ્રેસે દેશના ભાગલાના ઠરાવ પર બહુમતી દ્વારા મહોર મારી ત્યારે દ્રઢ મનોબળ ધરાવવતા ગફારખાન અત્યંત વ્યથિત થયા. અને ગાંધીજીના આદેશથી ભારે હૈયે પોતાના લોકોની સેવા કરવાના હેતુથી સરહદ પ્રાંત પાછા ગયા. ૧૯૨૮ માં તેમણે પશ્તો ભાષામાં ‘પખ્તૂન’ નામનું સામાયિક શરૂ કર્યું.૧૯૨૮-૪૭ના ગાળામાં તે અવારનવાર પ્રકાશિત થતું રહ્યું.૧૯૪૭માં તે સદંતર બંધ કરવામાં આવ્યું. ઓકટોબર ૧૯૬૯માં ભારત સરકારના આમંત્રણથી ગાંધી શતાબ્દી મહોત્સવમાં ભાગ લેવા માટે તેમણે ભારતનો પ્રવાસ ખેડયો હતો. ‘બાદશાહખાન’ જેવા હુલામણા નામથી જાણીતા બનેલા આ પ્રખર રાષ્ટ્રવાદી નેતાને તેમના આ પવાહ દરમિયાન આંતરરાષ્ટીય સદભાવનાના પ્રસાર માટે દર વર્ષે એનાયત કરવામાં આવતો વિખ્યાત “નેહરૂ એવોર્ડ” અર્પણ કરવામાં આવ્યો હતો. ભારતની આઝાદીની લડતમાં તેમણે બતાવેલ ધૈર્ય, ભોગવેલ યાતનાઓ અને કરેલા અપાર ત્યાગની કદર કરવા માટે ભારત સરકારે ૧૯૮૭ માં ખાન અબ્દુલ ગફારખાનને “**ભારતરત્ન**” નો ખિતાબ એનાયત કર્યો હતો.

## (૪૫૭) પાંચ બૂરાઇઓની પાંચ તત્કાલ (cash) સજા

એકવાર રસૂલુલ્લાહ (ﷺ) સહાબએ કિરામને સંબોધીને ફરમાવ્યું **(૧)** જે કોમમાં બેહયાઇ (નગ્નતા) છડેચોક થવા લાગે,બધાંજ લોકોમાં આમ તૌરપર વ્યકિતગત અને સામૂહિક ધોરણે બેહયાઇ જોવા મળે તો તેનું પરિણામ એ હશે કે પ્લેગ જેવી જીવલેણ બિમારીઓ જોવા મળશે,જેને તમારાં વડીલોએ કદી જોઇ કે સાંભળી નથી. **(૨)** જયારે માપ-તોલમાં કમી કરવામાં આવે તો તેનું ખરાબ પરિણામ એ આવશે કે દુકાળ જેવી પરિસ્થિતિ પેદા થશે,સમયસર વરસાદ નહી આવે અને શાસકો નિષ્ઠૂર (બેરહમ) થઇ જશે.પોતાની ફરજના સમયમાંથી કમી કરવી (પૂરોસમય ન આપવો) તે પણ એમાં શામેલ છે. **(3)** જયારે ઝકાત સમયસર પૂરેપુરી ન આપવામાં આવે તો વરસાદ રોકી દેવામાં આવે છે, અલ્લાહતઆલાએ આપેલ માલ માંથી માત્ર અઢી ટકા (૨.૫%) ઝકાત તરીકે ન કાઢવામાં આવે તો તે વ્યકિત અલ્લાહના ગુસ્સા અને સજાનો ભોગ (મુસ્તહીક) બને છે. **(૪)** જયારે અલ્લાહ તઆલા અને રસુલેપાક (ﷺ) ના હુકમો (વાયદાઓ) ને તોડવામાં આવે છે તો તેમના ઉપર અલ્લાહતઆલા ગેરકોમમાંથી દુશ્મનોને મુસલ્લત કરશે - જેઓ તેમની સંપત્તિઓ પણ કબજે કરી લેશે અને તેમના જાન પણ કબજામાં લઇ લેશે. **(૫)** જયારે સત્તાધીશો અલ્લાહ અને કુદરતના નિયમોનું પાલન નહી કરશે તો તેમની વચ્ચે આંતર- વિગ્રહ થશે પોતાની શકિતઓ એમાંજ વેડફી નાખશે.

આમ અલ્લાહના ફેસલાઓ ઇન્સાનનાં અમલો પર આધારિત હોય છે તે પ્રમાણે પરિસ્થિતિઓ સર્જાય છે-માટે દરેક વ્યકિતએ પોતે વિચારવું-આત્મમંથન (Check) કરવું જોઇએ કે ઉપરોકત ગુનાહોમાંથી પોતાનામાં રહેલા કોઇ ગુનાહને કારણે ખરાબ પરિસ્થિતિ સર્જવામાં નિમિત્ત તો નથી બનીરહ્યો, જેના કારણે ઉમ્મત અને માનવ જગત તકલીફ તો નથી ભોગવી રહયા,જેની કયામતમાં પૂછ થશે.

**(ઇબ્ને માજહ - ૪૦૯૧, તબરાની ૧ / ૨૮૭)**

## (...) હઝરત અકદસ મૌ.અશરફઅલી & શેખઉલ-હદીસ મૌ.ઝકરિયા સા.રહ.ની મહત્વની સલાહ

હઝરત હકીમ-ઉલ-ઉમ્મત થાનવી રહ.એ ફરમાવ્યુ : હું વિદ્યાર્થીને સલાહ આપું છું કે માત્ર ભણવા અને ભણાવ્વામાં અભિમાન (સંતોષ) ન રાખો, પરંતુ તેનું અસરકારક (ફાયદાકારક) બનવું થવું એ અલ્લાહવાળાઓની સોહબત, ખિદમત અને તેમની તવજુહ પર નિર્ભર છે, તેનું ખાસ ધ્યાન આપવું જોઇએ હઝ.શેખુલ હદીસ મૌલાના ઝકરિયા સા.રહ. એ ફરમાવ્યું કે કુર્આન કરીમ જે સાદિકીન (સાચા લોકો) સાથે રહેવાનો હુકમ છે તેના સંદર્ભમાં મુફસ્સીરીન (કુર્આનના વિશ્લેષકો)એ નોંધ્યું છે કે આ સાદિકીન એ બુઝુર્ગો, મશાઇખ અને સુફી લોકો છે જયારે કોઇ વ્યકિત તેમના શિદ્રય અને મુરીદોમાં શામિલ થઇ જાય છે તો તેમની તરબિયત અને તાલીમના પ્રતાપે (કારણે) ઉચો ઉચો દરજા-મરતબા સુધી પ્રગતિ કરી જાય છે. ઉપરાંત ફરમાવ્યું કે એક ખુબ જરૂરી વિંનતી એ છે કે વારંવાર પાબંદીથી અલ્લાહવાળાઓના સાનિધ્યમાં રહેવા તથા ખિદમત ભલાઇ,બરકત અને ઇમાનમાં અડગતા (તકવિયત) નું નિમિત બને છે તેથી તેની પાબંદી અને પ્રતિબધ્ધતા ચુસ્તપણ જોઇએ.

## (૪૫૮) લઅનત (બદદુઆ-curse) કોના પર પડે છે?

હઝરત ઇબ્ને અબ્બાસ ﷺ ફરમાવે છે કે એક માણસે રસૂલુલ્લાહ (ﷺ)ના સામે હવા પર લઅનત આપી. આપ (ﷺ)એ ફરમાવ્યું "હવાને બદદુઆ ન આપો એ તો (અલ્લાહના)હુકમની પાબંદ છે અને જે માણસ કોઇ ચીઝને (લઅનત) બદદુઆ આપે છે જે એને લાયક (પાત્ર) નથી તો તે લઅનત લઅનત કરવાવાળા પર પાછી આવે છે."

(જામિઉત્તિરમિઝી)

હઝ.અબુદરદહ ﷺનુ બયાન છે કે મેં રસૂલુલ્લાહ (ﷺ)ને ફરમાવતા સાંભળ્યું છે. જયારે કોઇ બંદો કોઇના પર બદદુઆ કરે છે તો તે બદદુઆ (લઅનત) આસ્માન તરફ ચઢે છે, તો તેના પહોંચવા પહેલાં આસ્માનના દરવાજા બંધ કરી દેવામાં આવે છે,પછી તે જમણી-ડાબી બાજુ જાય છે જયારે તેને કોઇ રસ્તો નથી મળતો તો તે એ માણસની તરફ આવી જાય છે જેના માટે બદદુઆ (લઅનત) કરવામાં આવી હતી, જો તે એનો મુસ્તહીક હોય તો એના પર પડે છે, નહીં તો કેહવાવાળાની તરફ પાછી ફરે છે.(અબુદાઉદ) **(અલબલાગ,ઉર્દૂ-કરાંચી,ઓગષ્ટ,૨૦૨૨)**

## (૪૫૯) ચુગલખોર (talebearer) & ખબરી ની નિંદા

હઝ.અબ્દુલ્લાહ બિન મસઉદ ﷺ થી રિવાયત છે કે હઝ. મુહમદ (ﷺ) એ ફરમાવ્યું : શું હું તમને બધાથી બુરી ચીઝ ન બતાવું? જે ઘણી જ બુરી છે? તે ચુગલી છે જે લોકોના વચમા નફરત અને દુશ્મની ફેલાવે છે અને હઝ.મુહમ્મદ (ﷺ)એ ફરમાવ્યું : માણસ સાચુ કહેતો રહે છે ત્યાં સુધી કે તે સાચો લખવામાં આવે છે અને તે જુઠ કહેતો રહે છે ત્યાં સુધીકે તે જુઠો લખી દેવામાં આવે છે. (મુસ્લિમ શ.)

હઝ.હુમામ રહ. કહે છે કે હમો હઝ. હુઝૈફા ﷺ ના સાથે હતા કે એમાથી કોઇએ કહ્યું કે એક માણસ હઝ.ઉસ્માન ﷺ સુધી હદીસનો સિલસિલો પહોંચાડીને બયાન કરે છે કે હઝ.હુઝૈફા ﷺ એ બયાન કર્યું છે કે મે નબી (ﷺ) ને ફરમાવતા સાંભળ્યું છે કે "જન્નતમાં ચુગલખોર દાખલ ન થશે." (સહીહ બુખારી)

## (459) Condemnation of Gossiping and Gossiper (Talebearer) in Islam:

It is narrated by Haz. Abdullah bin Masood (ﷺ)that Huzoor (ﷺ) said, Shall I not show you the worst thing of all? Which is very disgusting ? It is false gossip (rumour) which spreads hatred and enmity among people. Hazrat Muhammad (ﷺ) said that when a man keeps telling the truth, he is written down as true teller and when he keeps telling a lie he is written down as a liar. (Muslim Sh.)

Hazrat Humam r.a. said that we were in the company of Hazrat Huzaifa (ﷺ) Someone from us informed that one person narrates the succession (series) of ahadith to Hazrat Usman (ﷺ) Hazrat Huzaifa (ﷺ) said "I have heard Huzur (ﷺ) saying that a talebearer (gossiper, backbiter) will not enter paradise"
( Bukhari Shareef )

## (૪૬૦) રોઝીની બરકતની દુઆ :

### (દુઆએ નબવી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اللّٰهُمَّ صَلِّ و سَلِّمْ وبَارِكْ وأنْعِمْ عَلَى سَيِّدِنَا
مُحَمَّدٍ وَآلِهِ وَصَحْبِهِ أَجْمَعِينَ
اللّٰهُمَّ اقْذِفْ فِي قَلْبِي رَجَاءَكَ وَاقْطَعْ رَجَائِي
عَمَّنْ سِوَاكَ حَتَّى لَا أَرْجُوَ أَحَداً غَيْرَكَ
اللّٰهُمَّ وَمَا ضَعُفَتْ عَنْهُ قُوَّتِي وَقَصُرَ عَنْهُ
عَمَلِي وَلَمْ تَنْتَهِ إِلَيْهِ رَغْبَتِي وَلَمْ تَبْلُغْهُ
مَسْأَلَتِي وَلَمْ يَجْرِ عَلَى لِسَانِي مِمَّا أَعْطَيْتَ
أَحَدَاً مِنَ الْأَوَّلِيْنَ وَالْآخِرِيْنَ مِنَ الْيَقِيْنِ
فَخُصَّنِي بِهِ يَا أَرْحَمَ الرَّاحِمِينَ

હઝરત હસન ؓ કો હઝરત મુઆવિયહ ؓકી તરફસે એક લાખ કા વઝીફા (પેન્શન, તનખ્વાહ) મિલતા થા. હઝરત મુઆવિયાહ ؓને વઝીફા બન્દ કર દિયા જિસ સે હસન ؓકો સખ્ત તકલીફ હુઇ તો હુઝૂર (ﷺ) ને ખ્વાબ મેં મઝકુર (ઉપર લિખી હુઇ) દુઆ બતાઇ. હઝરત હસન ؓફરમાતે હૈં કે અલ્લાહ કી કસમ, મૈંને ચન્દ હફતે ભી યે દુઆ ન પઢી કે હઝરત મુઆવિયહ ؓ ને પન્દ્રહ લાખ ભેજ દિએ.

**Supplication to increase wealth**

( Dua - e - Nabwi ﷺ )

Hazrat Hasan ؓ used to get the stipend (pension) of 1,00,000 from Hazrat Muaviyah ؓ. Hazrat Muaviyah ؓ stopped the pension, which caused great trouble to Hazrat Hasan ؓ Hence, Huzur (ﷺ) suggested the above mentioned dua to Hazrat Hasan ؓ in His dream.Hazrat Hasan ؓ stated that By Allah,I recited the dua not even for few weeks and Hazrat Muaviyah ؓ sent 15 lakh to Him.

## (૪૬૧) કુતરામાં રહેલી ૧૦ ખુબીઓ

કૂતરો તે પ્રાણી છે જે જન્નતમાં જશે જેમાં અસ્હાબે કહફનો કૂતરો જણાવેલ છે. ખ્વાજા હસન બસરી રહ. ફરમાવે છે કે કુતરામાં **૧૦** ખુબીઓ એવી હોય છે જેમાંથી માનવી એક પણ ગ્રહણ કરે તો બુઝુર્ગી સુધી પહોંચી જાય છે. **(૧)** કુતરો થોડી માત્રા પર કનાઅત કરી લે છે (જે મલીજાય છે સબ્ર કરે છે) આ સાબિરીનની સિફત છે. **(૨)** કુતરો ભુખ્યો રહે છે જે સાલિહીનની સિફત છે. **(3)** કુતરાની જગ્યા પર કોઇ બીજો કૂતરો તાકાતના જોરે કબજો કરીલે તો તે પોતાની જગ્યા છોડી બીજે ચાલ્યો જાય છે એ રાઝીઇનની સિફત છે. **(૪)** કુતરો માલિકનો વફાદાર હોય છે માલિક એને મારે તો પણ એને છોડી જતો નથી તે સાદિકીન (સાચાલોકો) ની સિફત છે. **(૫)** અગર તેનો માલિક ખાવું ખાઇ રહયો હોય તો તે તાકત અને તક હોવા છતાં તેની પાસેથી ખાવું ઝુંટવી લેતો નથી, દૂરથી બેસીને જોયા કરે છે આ મિસ્કીનની અલામત (નિશાની) છે. **(૬)** જયારે માલિક ઘરમાં હોયતો તે દૂર દરવાજા પર (પગરખાં) પાસે બેસી જાય છે આમ તે ગમે તે (નિમ્ન) જગ્યાએ બેસવા રાજી થઇ જાય છે તે મુતવઝિઇન (નમ્ર) લોકોની નિશાની છે. **(૭)** કુતરાને મારી ફરી બોલાવવામાં આવે તો તરત આવી જાય છે તે દિલમાં મારનો કીનો નથી રાખતો આ ખાશિઇન (અલ્લાહથી ડરવાવાળા)ની સિફત છે.**(૮)** કૂતરાનુ કોઇ નિશ્ચિત ઘર નથી હોતું એ મુતવક્કીલીન (અલ્લાહ પર ભરોસો કરનાર) ની સિફત છે.**(૯)** તે રાતે ઘણો ઓછો સમય સુએ છે એ અલ્લાહના વલીઓની સિફત છે. **(૧૦)** કુતરો જયારે મરી જાય છે તો તેની કોઇ મિરાષ નથી હોતી એ ઝાહીદિન ની સિફત છે.

## (461) 10 virtues in a dog

A dog is an animal that will go to Jannah in which Allah has mentioned as the dog of AshabeKahf.(Surah Kahaf). Khwaja Hasan Basari R.A. said that there are **10** qualities in a dog, out of which if a human absorbs even one, he will reach to the highest place of excellence. **(1)** Dogs settle on a small amount of food etc. (which is met with patience) this is the quality of Sabirieen (patient,The steadfast). **(2)** Dogs often remains hungry which is the quality of the saliheen (The righteaus). **(3)** If another dog occupies the dog's place by force, it leaves its place silently and goes elsewhere, it is a characteristic of Razieen (satisfied). **(4)** A dog is loyal to its owner, even if the owner hit or beat it, it does not leave, that is the quality of the sadiqeen. (pure hearted). **(5)** If its owner is eating, it does not snatch food from him despite his strength and opportunity, sits and watches from a distance. This is a sign of Miskeen (almsman-mendicant). **(6)** When the owner is in the house, he sits at the far door (near door step) so he is willing to sit at any (low) place.It is the characteristic of Mutawazeen (humble, polite) **(7)** If a dog is beaten or expelled and called again, it comes immediately and does not keep the sting of malice in its heart.This is the quality of Khasheen (Allah-fearing). **(8)** A dog having no fixed home is the attribute of Mutawakklieen (one who trusts in Allah). **(9)** He sleeps for a short time at night is a characteristic of the waliullah - Godly person **(10)** When a dog dies,it has no inheritance,that is the attribute of Zahidieen.(ascetics,anchorite)

## (૪૬૨) કોઇને ઝલીલ કરવાથી બચવું જોઇએ...

હુઝુરેપાક (ﷺ)ﷺનો ઇરશાદ છે કે જે અલ્લાહતઆલા માટે નમ્રતા ઇખ્તિયાર કરે અલ્લાહતઆલા તેને ઉંચો કરે છે.

હઝ.શૈખુલહદીસ મવ.ઝકરીયા રહ. એ ફરમાવ્યુંકે આજ કાલ આપણી વચ્ચે પરસ્પર ઝઘડા વધતા જાય છે. મેં **'અલ એઅતેદાલ'** નામની કિતાબમાં આ વિષયની ઘણી હદીષો જમા કરી છે તેને વારંવાર પઢવું જોઇએ.

એક બીજી હદીસમાં છે કે જે વ્યકિત બીજાના એબ છુપાવશે અલ્લાહતઆલા તેના એબને છુપાવશે. ભાઇઓ જીંદગી અને મૌતનો કોઇ ભરોસો નથી, જેથી હું તમને નસીહત કરૂ છું કે જો અલ્લાહતઆલા કોઇને ઇઝઝત આપે તો તેને બેઇઝઝત (ઝલીલ) કરવાની ફિરાકમાં ન રહેવુ જોઇએ, હસદ હરામ છે અને રશ્ક જાઇઝ છે તમે પોતે શિક્ષણ (તાલીમ) પ્રાપ્ત કરો અને શ્રષ્ઠતા પૈદા કરો.

(અઝ : મલ્ફુઝાતે શેખુલ હદીસ મવ.ઝકરીયા રહ.)

## {462} One should refrain from humiliating (insulting) the other:

Rasulullah {ﷺ} said that whoever humbles himself before Allah, Allah exalts him.

Shaikhul Hadith Hazrat Maulana Zakaria Sb. R.A. said "These days mutual quarrels are increasing between us. I have collected many hadiths on this subject in a book called **"Al Aatedal"** which should be read often.

In another hadith it is said that whoever hides another's defects, Allah will hide his. Brothers,life and death are not reliable. So I advise you that if Allah gives someone honour (respect), then he should not stay behind him to grab the chance of disrespecting him. Jealousy (envy)is forbidden in Islam. Cherishing is permitted. Educate yourself and create excellence. (Malfuzate Sheikhul Hadis Hazrat Maulana Zakaria ra.)

## (૪૬૩) સમયનું સૌથી મોટું અને અગત્યનું કામ

હઝ.મવ.અ.કાદીર સા.રાયપુરી રહ.(મૌ.અબુલ હસન અલીમીયાં નદવી રહ. વગેરે ના શેખ) મુસલમાનોની હાલતનો એક વિશાળ અભ્યાસ અને પોતાના જીવનના આ લાંબા અનુભવ પછી એ પરિણામ જોવા મળ્યું અને મારો આ યકીન અને દ્રઢ વિશ્વાસ થઇ ગયો કે મુસલમાનોની પુરી જીંદગી અને તેના વિવિધ ભાગોમાં ફસાદ અને બગાડનું કારણ ઇખ્લાસની કમી અને અખ્લાક (ચારિત્ર્ય) નો બગાડ છે જેથી સમયનુ સૌથી મોટું અને જરૂરી કાર્ય ઇખ્લાસ (sincerity) અને અખ્લાક (manners) પૈદા કરવું છે જેનું સૌથી અસર કારક માધ્યમ આપસમાં મુહબ્બત,અલ્લાહનો ઝિક્ર અને (નેકલોકોની) બુઝુર્ગોની સોહબત અને સંગત છે (અસ્સવાનેહ મવ. સ્.કાદીર રાયપુરી સા.રહ.)

### અંતર (બાતિની) બીમારીઓનો ઇલાજ:

હઝ.શેખુલ હદીસ મવ.ઝકરિયા સા.(રહ.) એ ફરમાવ્યું કે ‘અલ્લાહનો ઝિક્ર વધારેમા વધારે કરવો અને દરૂદ શ.પઢતા રહેવું બધીજ અંદરની બીમારીઓ(જુઠ,ગીબત,દ્વેષભાવ,કીનો,તજસ્સૂસ ,વગેરે) ના માટે ફાયદા કરક છે.(મલફુઝાતે શેખુલ હદીસ મવ.ઝકરિયા.રહ. સફા-૩૩૬)

## (463) The greatest and most important work of the recent time.

Hazrat Maulana A.Qadir Sa. Raipuri Sb. R.A. ( Shaykh of Mau.Abul Hasan AlimiyaanNadwi rah. etc.) after a large study of the condition of the Muslims and the long experience of his own life said,“I am convinced and firmly convinced that the reason behind the degradation of lives of the Muslims and the deterioration of the various part of community is lack of integrity (sincerity and purity of heart)andlack of morality . So the greatest and the most important work of the time is to infuse sincerity (Ikhlas) and manners (Akhlaq) In community. The most effective means to achieve this goal is to ctreate mutual affection, remembrance of Allah and to be in the companionship of the pious and noblepeople (Buzurganedeen)- (Aswaneh Moulana Ab.Qadir Raipuri sb.R.A.)

### Treatment of internal(spiritual) diseases:

Haz. Sheikhul Hadith Mv. Zakaria Sa. (Rah.) said that increasing the dhikr (rememberance)of Allah and reciting Darood is beneficial and healer for all internal (spiritual) diseases (lying, backbiting, hatred, envy, grudges, malevolence etc.). (Malfuzat e Sheikhul Hadith Maud. Zakaria. Rah. Pg-336)

## (૪૬૪) હઝ.હકીમુલ ઉમ્મત મૌ.અશરફઅલી થાનવી કદ્દસસિર્રહુનો ઉલમા,તલબા,મશાઇખ, સુફિયાને કિરામ અને મુફતિયાને કિરામથી સંબોધન :

તબલીગ (ઇસ્લામના પ્રચાર પ્રસાર) સંબંધી પ્રત્યેક મદદરૂપ કાર્ય તબલીગ છે. તબલીગને સંલગ્ન કાર્યો તબલીગના સહાયક છે આમ તે હેતુથી માલ આપનાર પણ મુબલ્લીગ છે, દીનીવાતો સંભળાવનાર પર મુબલ્લિગ છે, મઝામીન (આર્ટીકલ) લખનાર પણ  મુબલ્લિગ છે, લેખન સંકલન - સંપાદન અને પ્રકાશન કાર્ય પણ તબલીગ (ના કાર્ય) માં શામિલ છે. **(આદાબુત્તબ્લીગ /૧૪)**

**Haz.HakimulUmmat Maulana AshrafAli Thanwi R.a. Qaddassirrah's address and message to Ulama, Talaba, Mashaikh, Sufiyan-e-kiraamand Muftiyan-e-kiram:**

Every helpful work related to Tabligh work (promotion and dissemination) is Tabligh (preaching if Islam).Whosoever related to Tabligh work are the assistants and helpers of Tabligh, thus, the one who gives wealth for that purposeis also Muballig(preacher), the one who teaches andtalks about religion is muballig, the one who writes deenimazamin (articles) is also muballig, writing deeni and islamiccompilations, editing and publishing are also included in the work of tabligh. **(Adab-ut-tabligh-14)**

## માહે રબીઉલ અવ્વલ (૧)

આ ઇસ્લામી વર્ષનો ત્રીજો મુબારક મહીનો છે,જેમાં આખરી નબી હઝ.મુહંમદ મુસ્તુફા ﷺનો જન્મ મક્કા મુકર્રમહમાં થયો, અને આ વસ્તુ તઅજજુબની છે કે આપ ﷺનો જન્મ પણ આજ દિવસે અને વફાત પણ આજ દિવસે થઇ.

હઝ.ઇબ્ને અબ્બાસ ﵄ ફરમાવે છે કે આપ ﷺની વિલાદત સોમવારના દિવસે થઇ, અને સોમવારના દિવસે જ હિજરતના વખતે મદીના મુનવ્વરહમાં દાખલ થયા, અને સોમવારના દિવસે જ આપ ﷺને નબુવ્વતનો તાજ પહેરાવવામાં આવ્યો, અને સોમવારના દિવસે જ વફાત પણ થઇ. આપ સલ.એ એટલાજ માટે સોમવારના દિવસની ફઝીલત બયાન ફરમાવી છે.

આ મહિનાની ઇસ્લામમાં ખાસ ફઝીલત છે અને તે ખાસ ફઝીલત હુઝૂર ﷺ નું આ દુનિયામાં તશરીફ લાવવું છે. આપ ﷺ નું તશરીફ લાવવું દુનિયાની ખુશીનો સબબ છે અને આ મહીનો ઘણોજ નૂરાની છે. **(અઝ કિતાબ: બારહ મહીનેકે ફઝાઇલ,- પ્રકાશક : દારૂલ ઊલુમ કંથારીઆ- ભરૂચ)**

## The month of Rabi-ul-Awwal (1)

It is the third month of Islamic year, in which the guider of the world the last Ptophet, Hazrat Mohammed Sallallahu Alaihi Wasallam was born in Makka mukarrama.It is a strange coincidence that the Prophet Mohammed Sallallahu Alaihi Wasallam left the world on the same date and in the same month.

Hazrat Ibne Abbas ﵄ Said that Prophet Muhammad was born on Monday. On Monday itself they migrated from Makkah to MadinaMunawwarah. On Monday itself the Prophet Muhammad ﷺ got Apostalship (Crown of nubuwwat), and on Monday itself Prophet Mohammed ﷺ left this momentary world.So, the virtues of Monday has been elaborated

There is special significance and virtue of Rabi-ul-Awwal in Islam and that is the arrival of Prophet Muhammad ﷺ in this world. His birth is the glory to the world. Hence, the month in which Prophet Muhammad ﷺ came to the world is like the divine light (noorani). (From the book : Barah Mahine ke Fazail,- Darul Uloom, Kantharia, Bharuch)

## માહે રબીઉલ અવ્વલ (૨)

અકસર લોકો રબીઉલ અવ્વલના મુબારક મહીનામાં ઝિક્રે મીલાદ શરીફનો પ્રબંધ રાખે છે, અને બારમી તારીખને ખાસ કરીને મનાવવામાં આવે છે, અમૂક લોકો તો વફાતે નબી સલ.ના કારણે માતમ મનાવે છે અને અમુક લોકો તો વિલાદે નબી ﷺ ના કારણે ઇદનો દિવસ પણ ગણે છે, પરંતુ શરીઅતમાં આ બધા કારણોનેલીધે ઇદે મિલાદ મનાવવું જાઇજ નથી, ચાહે આ મહીનામાં હોય અથવા બીજા કોઇ પણ મહીનામાં.

રબીઉલ અવ્વલના મુતઅલ્લીક કોઇ ખાસ અમલ પણ હદીસમાં આવ્યો નથી, અને આ દિવસને માતમ અથવા ઇદ મનાવવું જાઇઝ નથી.

રસૂલુલ્લાહ ﷺ એ પોતે ફરમાવ્યું છે કે આપણને અલ્લાહતઆલાએ બે ઇદો આપી છે.

માટે જેટલા અહકામ રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યા છે એ અહકામનું પાલન કરવું એ આપ સલ.ની તાકીદ છે, ચાહે આ અમલ રોઝાની શકલમાં હોય અથવા નમાઝની સુરતમાં હોય અથવા ઝકાત સ્વરૂપે હોય, માટે જેટલા પણ અમલ છે બધાજ રસુલૂલ્લાહ ﷺ ના ફરમાનના મુતાબીક છે એના ઉપર તે પ્રમાણે અમલ કરવો જરૂરી છે. (હુકુક વ ફરાઇઝ : ૪૭૪)

## The month of Rabi-ul-Awwal (2)

People often organize Zikr-e-Milad Sharif in the month of Rabiul Awwal and twelfth Rabiul awwal is specially celebrated.Some people mourn due to death of Rasool S.a.w. and some people also consider it as Eid day due to the birth of Rasool ﷺ but in Shari'ah it is not permissible to celebrate Eid Milad for any these reasons, whether it is in this month or in any other month.

There is no special ritual of Rabi'ul Awwal in the hadith, and it is not permissible to mourn on this day or celebrate it as Eid.

Rasoolullah ﷺ himself has said that Allah has given us only two Eids.

Therefore, it is the duty of us to follow the decrees that Rasulullah Sallallahu Alayhi Wasallam has decreed, whether this practice is in the form of fasting or in the form of Namaz or in the form of Zakat, so whatever the practice is, all of them should be in accordance with the decree of Rasulullah Sallallahu Alaihi Wasallam. It is necessary to implement it accordingly. ( Huquq va Fariz : 474)

## (૪૬૭) માં - બાપની કબર પર હાજર થતી વખતે...



હઝ. હકીમુલ ઉમ્મત મૌ.અશ્રફ અલી થાનવી રહ.એ એક કિસ્સો લખ્યો છે કે એક માણસ પોતાની માંના ઇન્તિકાલ પછી માતાની કબર પર હાજર થયો અને સૂ.ફાતિહા, કુલ્હુવલ્લાહ વગેરે પઢીને સવાબ પહોંચાડીને ઘરે પાછો આવ્યો. રાત્રે માંને ખ્વબમાં જોયા. માતાએ કહ્યું કે બેટા! જયારે મારી કબર પર આવો તો થોડીવાર ચૂપચાપ (ખામોશ) ઉભા રહો, જેથી હું તારો ચહેરો સારી રીતે જોઇ લઉં, જયારે તું કુર્આન પઢવાનું શરૂ કરી આપે છે તો કુર્આનની તિલાવતની રોશની (અનવાર) માં તારો ચેહરો ઢંકાય જાય છે.. **જેથી જયારે માં-બાપની કબર પર જાઓ તો થોડીક વાર ખામોશ ઉભા રહો.**

### કબરની ઝિયારતનો તરીકો :

કબરોની ઝિયારતનો મસનૂન તરીકો એ છે કે મય્યિતના પગ તરફથી આવે અને તેના ચહેરા તરફ (સામે) પોતાનું મોઢું કરીને કિબ્લા તરફ પોતાની પીઠ કરીને સલામ કરે...પછી ત્યાં ઉભા રહી કે બેસીને સૂ.યાસીન,સૂ.ફાતિહા અને સૂ.ઇખ્લાસ વગેરે કોઇ પણ સૂરત પઢીને તે મય્યિતને સવાબ પહોંચાડે. અફઝલ (શ્રેષ્ઠ) એ છે કે ઇસાલે સવાબ કરતી વખતે તમામ મુઅમિનીન માટે નિય્યત કરી લે. કબરોની ઝિયારત માટે જવું જુમ્આના દિવસે અફઝલ છે...**(શામી ૨૪૨/૨)**

**(અઝ : દારૂલ ઇફતા,જાએઆ અશરફિયા લાહોર ફતવા નં ૧૨૧)**

## (૪૬૮) હુઝૂર ﷺ ની મુબારક સીરત

ઇ.સ ૫૭૧:- જન્મ મુબારક મક્કહ મુર્કરમહમાં ૧૨ રબીઉલ અવ્વલ- ૨૨ એપ્રિલ સોમવારે થયો.

ઇ.૫૮૩:- ૧૨ વર્ષની ઉમરથી અનેક વાર શામ (સીરીયા)નો વેપારી સફર ફરમાવ્યો.

ઇ.સ ૫૯૫:- ૨૫ વર્ષની ઉમરે હઝ. ખદીજહ રદી. સાથે નિકાહ થયા. (આપ ﷺ ના ઉચ્ચ અખ્લાક, સચ્ચાઇ, અમાનતદારી, વ્યવસ્થિત કાર્યશૈલી {of good disposition} થી પ્રભાવિત થઇ આપે મક્કાના મોટા મોટા સરદારોના પ્રસ્તાવ રદ કરી દરખાસ્ત રજૂ કરી હતી. , હઝ. ખદીજા રદી.એ પોતાની બધી દોલત અને ઝેવર અલ્લાહના માર્ગમાં અને દીન માટે કુરબાન કરી આપ્યા હતા.)

અવલાદ :- (પુત્રો) હઝ.કાસિમ, હઝ.અબ્દુલ્લાહ, હઝ.ઇબ્રાહીમ‎ؓ.(દીકરીઓ)હઝ.ઝયનબ,હઝ.રૂકૈય હ, હઝ.ઉમ્મે કુલસુમ, અને હઝ.ફાતિમહ રદી...

ઇ.સ ૬૧૦:- ૪૦ વર્ષની ઉમરે પ્રથમ વહીનો નુઝુલ ગારે હિરામાં થયો.

ઇ.સ ૬૨૦:- મેઅરાજનો મુબારક સફર

ઇ.સ ૬૨૨:- ૫૩ વર્ષની ઉમરમાં મદીના મુનવ્વરહની હિજરત ફરમાવી. ( હીજરી સન ૧)

ઇ.સ ૬૩૦:- મક્કહનો વિજય – મુસલમાનોની જીત

ઇ.સ ૬૩૨:- હજ્જતુલ વિદાઅ અદા ફરમાવ્યો.

ઇ.સ ૬૩૨:- મદીના મુનવ્વરહમાં વફાત થઇ.

## (૪૬૮) હુઝૂર ﷺ ની મુબારક સીરત

ઈ.સ ૫૭૧:- જન્મ મુબારક મક્કહ મુર્રમહમાં ૧૨ રબીઉલ અવ્વલ- ૨૨ એપ્રિલ સોમવારે થયો.

ઈ.૫૮૩:- ૧૨ વર્ષની ઉમરથી અનેક વાર શામ (સીરીયા)નો વેપારી સફર ફરમાવ્યો.

ઈ.સ ૫૯૫:- ૨૫ વર્ષની ઉમરે હઝ. ખદીજહ રદી. સાથે નિકાહ થયા. (આપ ﷺ ના ઉચ્ચ અખ્લાક, સચ્ચાઇ, અમાનતદારી, વ્યવસ્થિત કાર્યશૈલી {of good disposition} થી પ્રભાવિત થઇ આપે મક્કાના મોટા મોટા સરદારોના પ્રસ્તાવ રદ કરી દરખાસ્ત રજૂ કરી હતી. , હઝ. ખદીજા રદી.એ પોતાની બધી દોલત અને ઝેવર અલ્લાહના માર્ગમાં અને દીન માટે કુરબાન કરી આપ્યા હતા.)

અવલાદ :- (પુત્રો) હઝ.કાસિમ, હઝ.અબ્દુલ્લાહ, હઝ.ઇબ્રાહીમ﷽.(દીકરીઓ)હઝ.ઝયનબ, હઝ.રૂકૈયહ, હઝ.ઉમ્મે કુલસુમ, અને હઝ.ફાતિમહ રદી...

ઈ.સ ૬૧૦:- ૪૦ વર્ષની ઉમરે પ્રથમ વહીનો નુઝુલ ગારે હિરામાં થયો.

ઈ.સ ૬૨૦:- મેઅરાજનો મુબારક સફર

ઈ.સ ૬૨૨:- ૫૩ વર્ષની ઉમરમાં મદીના મુનવ્વરહની હિજરત ફરમાવી. ( હીજરી સન ૧)

ઈ.સ ૬૩૦:- મક્કહનો વિજય – મુસલમાનોની જીત

ઈ.સ ૬૩૨:- હજ્જતુલ વિદાઅ અદા ફરમાવ્યો.

ઈ.સ ૬૩૨:- મદીના મુનવ્વરહમાં વફાત થઇ.

## (468) Prospourous Behavings (seerat) of Prophet Muhammad ﷺ

**A.D. 571-** Prosperous birth in Mecca Mukarrama, on 22 April, Monday, Rabbiul Awwal.

**A.D. 583-** From the age of 12, he made several business trips to Syria.

**A.D. 595-** At the age of 25, married Hazrat Khadijah R.A.. She was impressed by the qualities of the Prophet Muhammad ﷺ like greatest manner, fiduciary (Amanatdaari), good disposition. Hazrat Khadija rejected the proposal of the great chiefs of Mecca and submitted the proposal to Prophet Muhammad ﷺ. (Hazrat Khadijah R.A. sacrificed all his wealth and jewellary in the path of Allah and deen.)

**Offsprings-** (Sons) (1) Hazrat Qasim ؓ, (2)Hazrat Abdullah ؓ,(3)Hazrat Ibrahim ؓ. (Daughters) (1)Hazrat Zainab R.A., (2) Hazrat Ruqqaiya R.A., (3) Hazrat Umme Qulsum R.A. and (4) Hazrat Fatima R.A.

**A.D. 610-** At the age of 40, the first revelation happened (vahi) on Prophet Muhammad ﷺ in gaar-e-hira.

**A.D. 620-** Blessed tour of Meraaj.

**A.D. 622-** At the age of 53, did hijjrah from Mecca to Munnawarah. (Hijri 1)

**A.D. 630-** Victory of Mecca, Victory of Muslim.

**A.D. 632-** Perform Hajjatul Vida.

**A.D. 632-** Died at Madina Munnawarh.

## રબીઉલ અવ્વલની ખરી હકીકત પ્રાપ્ત કરનાર

હુઝૂર ﷺની તાલીમ અને સુન્નતો પર અમલ કરવું એ જ રબીઉલ અવ્વલની સાચી હકીકત પ્રાપ્ત કરનાર છે જેમકે આંખોની સુન્નત એ છે કે જે ચીઝોથી સરકારે આલમ સલ.એ મના ફરમાવ્યું તે વસ્તુઓથી આપણે આંખોને બચાવીએ. જેણે આમ કર્યુ તેણે નબી સલ.ની સુન્નત અદા કરી. રબીઉલ અવ્વલની હકીકત તેણે પ્રાપ્ત કરી. જેણે પોતાના કાનને સંગીત (મ્યુઝીક) સાંભળવાથી બચાવ્યા તેણે રબીઉલ અવ્વલની હકીકત પ્રાપ્ત કરી. જેણે પોતાની ઝુબાનને ગુનાહોથી બચાવી, જેણે પોતાના ગુપ્તાંગોને ગુનાહોથી બચાવ્યા-પોતાની ઝીદગીને હરામ કૃત્યોથી બચાવ્યા, અલ્લાહના પ્રકોપ અને ગુસ્સાના અમલોથી દૂર રહયો તેને દરેક સમયે રબીઉલ અવ્વલની હકીકત અને બરકત પ્રાપ્ત છે.

દરરોજ પાબંદીથી દુરૂદ શરીફ પઢવામાં આવે, દરરોજની દુઆઓમાં પહેલાં અને પાછળ દુરૂદ શ. પઢવામાં આવે તો પછી કયારેય આપણો રબીઉલ અવ્વલ આપણાથી અલગ (દૂર) નથી!

(આદાબે ઇશ્કે રસૂલ ﷺ અઝ : મૌલાના હકીમ મોહંમદ અખ્તર સા. રહ.)

## Receiving the true fact (lesson) of Rabbiul Awwal

Training and implementing the sunnah of the Prophet Muhammad ﷺ is the true fact and true lesson of Rabbiul Awwal. For example, the sunnah of eyes is that you should protect your eyes from the things that the Prophet Muhammad ﷺ forbade. And He who does this means he follows Prophet Muhammad ﷺ's sunnah. He achieved the true fact of Rabbiul Awwal. The one, who saved his ears from listening the music means he achieved the true fact of Rabbiul Awwal. The one, who protects his tongue from sins, the one who protect his genitals from sins, the one who saves his life from haram acts, the one who stays away from the wrath and anger of Allah, has always received the fact and blessings of Rabbiul Awwal.

Durud shareef should be recite daily with restraint. Our Rabbiul awwal will not go away from us when we Recite Durood shareef before and after of every day Dua. (From book:-Aadabe Ishq-e-Rasul ﷺ by Moulana Hakim Muhammad Akhtar Sa. Reh.)

## ખુરશી પર બેસી નમાઝ પઢવા બાબતે દા.ઊ.દેવબંદનો ફતવો

**જવાબ :** આજકાલ ખુરસી પર નમાઝ વિશે ઘણી બેએહતેયાતી (ગફલત - carelessness) આમ થતી જાય છે. ઘણા તંદુરસ્ત લોકો પણ નિસંકોચ ખુરસી પર બેસીને નમાઝ પઢે છે અને સહીહ મસ્અલો જાણવાની કોઇ ચિંતા નથી કરતા તથા ઘણા લોકો આમ સમજે છે કે ખુરસી પર બેસીને નમાઝ, જમીન પર બેસીને (સજદામાં જમીન પર પેશાની રાખીને) નમાઝની જેમ છે અને તેઓ ફર્ઝ અથવા વાજીબ નમાઝ તો ઉભા થઇને રૂકુઅ-સિજદા સાથે અદા કરે છે અને સુન્નત, નફલ નમાઝ ખુરશી પર બેસીને (સજદાને ઇશારાના સાથે) પઢે છે જયારે કે ખુરશી પર બેસીને જે નમાઝ પઢવામાં આવે છે એમાં હકીકી સજદો કરવામાં નથી આવતો પરંતુ સિજદા માટે ઇશારો કરવામાં આવે છે. - ખુરશી પર દરેક મઅઝુરની નમાઝ જાઇઝ નથી ફકત તે મઅઝુરની જાઇઝ છે જે પોતાની કોઇ (મજબૂરી) ઉઝરના કારણે કોઇ સુરતમાં પણ જમીન પર પેશાની રાખીને સિજદો ન કરી શકતો હોય, એટલે કે નમાઝના જાઇઝ (સહીહ) હોવાના માટે જમીન પર પેશાની રાખીને સજદો થવા (કરવા)થી વિવશ હોવું શર્ત છે. નહીતો ખુરશી પર બેસીને (સજદા માટે) ઇશારાના સાથે નમાઝ નહી થશે, ન ફર્ઝ, ન સુન્નત, ન નફલ નમાઝ. - જે માણસ હકીકતમાં મઅઝુર છે તે જો જમીન પર બેસીને (સજદા માટે ઇશારા સાથે) નમાઝ પઢી શકતો હોય તો એના માટે ખુરશી વગર જમીન પર બેસીને (સજદાના માટે ઇશારા સાથે) નમાઝ પઢવું વધારે સારૂ છે. ખુરસી પર નમાઝ પઢવું ખિલાફે અવલા ગણાશે. - જે માણસ ખુરસી પર બેસીને (સજદાને ઇશારા સાથે) નમાઝ પઢે એને ખુરશી પર એવી રીતે બેસવુ જેઇએ કે પાછળની બાજુ ખુરશીનો ટેકો અને સહારો ન લે, કેમકે વગર કારણે ટેક લગાવવુ ફર્ઝ નમાઝ માં મકરૂહે તહરીમી છે અને નફલ નમાઝમાં મકરૂહે તન્જીહી છે અલબત્ત ઉઝર હોય તો કોઇ કરાહત નથી. - આજ કાલ ખુરશી પર બેસીને નમાઝ પઢવાવાળાઓમાં ઘણાં લોકો ફર્ઝ, નફલ બધી નમાઝ વગર ઉઝરે ખુરસીને ટેકો લઇને નમાઝ પઢે છે એવા લોકો માટે મુનાસીબ છે કે તે ખુરશીના બદલે સ્ટુલ પર બેસીને નમાઝ પઢે.

| | |
|---|---|
| (હઝ.મુફતી)મહમૂદ હસન બુલંદશહરી(દા.બ.)<br>દારૂલ ઇફતા, દારૂલ ઊલૂમ દેવબંદ -<br>૦૯/૦૭/૨૦૨૨ | (મુફતી) ઝૈનુલ ઇસ્લામ.<br>(મુફતી) વકારઅલી<br>મુફતિયાન દા.ઊ.દેવબંદ |

**અઝ : દારૂલ ઉલૂમ (દેવબંદ - માસિક ઉર્દૂ) ઓગ. સપ્ટે ૨૦૨૨.**

**(અનુવાદક : મીમ.શીન.વાવ. નુરૂલ ઇસ્લામ એજ્યુકેશન વકફ - રાંદેર)**

## ખુરશી પર બેસીને નમાઝ પઢવા બાબત શરઇ માર્ગદર્શનઃ

### અઝ : હઝ.મૌ.ખાલિદ સૈદુલ્લાહ રહમાની સાહબ.દા.બ.

(જન.સક્રેટરી : ઓલ ઇન્ડીયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ & ઇસ્લામિક ફિકહ એકેડમી ઓફ ઇન્ડીયા)

**(૧)** જે માણસ જમીન પર બેસીને નમાઝ અદા કરવાની કુદરત (તાકત) રાખતો હોય, એના માટે ખુરસી પર ફર્ઝ નમાઝ અદા કરવું જાઇઝ નથી,અને જો પઢશે તો નમાઝ સહીહ થશે નહી. **(૨)** જે માણસ જમીન પર બેસવાની તાકત ન રાખતો હોય અથવા જમીન પર બેસી શકતો હોયઃ પરંતુ જમીન પર સજદો ન કરી શકતો હોય,એના માટે ખુરશી પર ફર્ઝ નમાઝોનું પઢવુ પણ જરૂરી છે. **(3)** ઉઝર થી મતલબ આ છે કે જમીન પર બેસીને નમાઝ અદા કરવામાં વધારે તકલીફ થતી હોય, બીમારી વધી જતી હોય અથવા તંદુરસ્તીમાં વિલંબ થતો હોય,પોતે એનો અનુભવ હોય અથવા કોઇ સારા મોઅતબર ડોકટરે એનો મશ્વેરો દીધો હોય **(૪)** જે માણસને સજદો કરવાની તાકત ન હોય,પરંતુ કિયામ અને રૂકુઅ અથવા એમાંથી એક પણ અદા કરવા પર કુદરત રાખતો હોય એના માટે શકિત પ્રમાણે કિયામ અને રૂકુઅ કરવું જરૂરી છે. **(૫)** ખુરશી પર નમાઝ અદા કરવાવાળાઓનો સજદો માથાના ઇશારાથી છે, ન કે હાથના ઇશારાથી. એના માટે હાથનો ઇશારો બિન જરૂરી અમલ છે અને નમાઝમાં બિનજરૂરી અમલ કરાહતથી ખાલી નથી **(૬)** ખુરશી પર નમાઝ પઢવાવાળાઓએ માથાના ઇશારાથી સજદો કરવો, અને માથાનો ઇશારો આ છે કે તેને રૂકુઅના ઇશારા કરતા થોડા વધારે પ્રમાણમાં જુકાવવું - સામે ન ટેબલ રાખવાની જરૂરત છે અને ન ટેબલ પર માથુ રાખવાથી એનો સજદો અદા થાય છે જયાં સુધી માથાને ઝુકાવવાની આ હાલત ન પૈદા થાય.**(૭)** નફલ નમાઝો પણ વગર ઉઝરે ખુરશી પર અદા કરવું દુરૂસ્ત નથી અલબત્ત ઓછી તકલીફ થવાના કારણે નફલ નમાઝ પઢી શકાય છે, એજ પ્રમાણે પ્લેન,ટ્રેન કે બસ વગેરેમાં પાતાની સીટ પર બેઠા બેઠા નફલ નમાઝ અદા કરવાની ગુંજાઇશ છે. **(૮)** ખુરશી પર નમાઝ પઢવાવાળા વ્યકિતએ સફમાં એવી રીતે બેસવું જોઇએ કે ખુરશીના પાછલા પાયા નમાઝીઓના બરાબર (સમાન) હોય કેમકે જે માણસ બેસીને નમાઝ અદા કરે સફમાં એની બરાબરી પીઠની બાજુથી થાય છે.જેવી રીતે કાયદામાં પીઠ અને કમરનો ભાગ એક બીજાના બરાબર થાય છે, એવીજ રીતે ખુરશી પર બેસવાની હાલતમાં પણ એનો એ ભાગ બીજા નમાજીઓના બરાબર (સમાન) થવો જોઇએ.**વલ્લાહુઅઅલમ.**(from:સેહમાહી બહસો નઝર-ફિકહી તહકીકાત)

**(અનુવાદક : મીમ.શીન.વાવ. નુરૂલ ઇસ્લામ એજ્યુકેશન વકફ - રાંદેર)**

## (૪૭૦)
## વાલિદના દોસ્તો સાથે સારો વર્તાવ

હઝ.ઇબ્ને ઉમર ﷺ થી રિવાયત છે કે એક દેહાતી (ગામડીયો) માણસ મક્કા મુર્કરમહના માર્ગમાં મળયો. હઝ.અબ્દુલ્લાહ ﷺ એ તે દેહાતીને સલામ કર્યુ અને એમને પોતાના ખભા પર સવાર કરી લીધા જેના પર તે સવાર હતા, એને પોતાની પાઘડી આપી જે પોતાના માથા ઉપર હતી. હઝ.ઇબ્ને દીનાર ﷺ કહે છે અમે એમને કહયું, અલ્લાહ આપને બેહતર (સારો) બદલો આપે આ દેહાતી માણસ છે જે થોડી વસ્તુ પર રાજી થઇ જાય છે (અને આપે એને પોતાની પાઘડી આપી દીધી) હઝ. અબ્દુલ્લાહ બિન ઉમર ﷺ એ ફરમાવ્યું: આ દેહાતીના બાપ હઝ.ઉમર બિન ખત્તાબ ﷺ ના દોસ્ત હતા અને મેં રસુલૂલ્લાહ ﷺ થી સાંભળયુ છે કે રસુલુલ્લાહ ﷺ ફરમાવે છે કે બેટાની નેકીઓમાંથી મોટી નેકી પોતાના બાપના દોસ્તો સાથે સારો વર્તાવ કરવો છે. **(સહીહ મુસ્લિમ)**

હઝ. અબુદરદાઅ ﷺ જયારે સકરાતની હાલતમાં હતા તો હઝ.અબ્દુલ્લાહ બિન સલામ ﷺ સફર કરીને એમની ઇયાદત માટે આવ્યા તો એમણે કહયુ કે આપ આટલો સફર કરીને આવ્યા? તો હઝ.અબ્દુલ્લાહ ﷺ એ જવાબ આપ્યો કે આપની અને મારા વાલીદ સા.ની દોસ્તી હતી એટલા માટે આ તઅલ્લુકના નિસબતથી આવ્યો છું. (મુસ્નદ બિન હમ્બલ)

**(અઝ : અલબલાગ - ઉર્દૂ,કરાંચી સપ્ટે.૨૦૨૨)**

## (૪૭૧) બીમારી,ઇલાજ અને ઇયાદતની સુન્નતો..

**(૧)** બીમારીમાં દવા અને ઇલાજ કરાવવું મસ્નૂન છે, ઇલાજ કરાવતા રહે, પરંતુ શિફા માટે નઝર અલ્લાહ પર રહે. **(૨)** કલુંજી અને મધની સાથે ઇલાજ કરવું સુન્નત છે. હુઝૂર (ﷺ) નો ઇરશાદ છે કે અલ્લાહતઆલાએ બંને ચીઝો (કલુંજી અને મધ) માં શિફા મૂકી છે આ બેવની તારીફમાં ઘણી હદીસો આવી છે. **(3)** ઇલાજ દરમિયાન નુકસાન પહોંચાડનારી ચીઝોથી પરહેઝ કરવી **(૪)** પોતાના બીમાર (દીની) ભાઇની ઇયાદત (ખબર અંતર પૂછવા) જવું સુન્નત છે. **(૫)** બીમારપુર્સી કરીને (માંદા માણસની ખબરઅંતર પુછીને) જલદી પરત આવવું સુન્નત છે. વધારે બેસવાના કરણે કયાંક બીમાર ગમગીન અને દુ:ખી ન થઇ જાય કે ઘરવાળાઓને કામમાં ખલેલ ન પડે. **(૬)** બીમારને દરેક રીતે તસલ્લી (સાંત્વન) આપવી સુન્નત છે. **(૭)** બીમાર પુર્સી રાતે પણ જાઇઝ છે રાતે જવાને જે લોકો મનહુસ કહે છે તે ખોટી માન્યતા છે. **(૮)** જયારે કોઇ મરીઝ (માંદા) ની ઇયાદત કરે ત્યારે તેને આ પ્રમાણે કહે...

لَابَأْسَ طَهُوْرٌ اِنْشَاءَ اللّٰهُ

**"લા બઅ્સ તહૂરૂન ઇન્શાઅલ્લાહ"** તે પછી તેની શિફા માટે સાત વખત આ દુઆ પઢે...

اَسْئَلُ اللّٰهَ الْعَظِيْمَ رَبَّ الْعَرْشِ الْعَظِيْمِ اَنْ يَّشْفِيَكَ

**"અસ્અલુલ્લાહલઅઝીમ રબ્બલઅર્શિલ્અઝીમિ અય્યશ્ફિયક"**

હુઝૂર (ﷺ) એ ઇરશાદ ફરમાવ્યો છે કે એને સાત વખત પઢવાથી મરીઝને શિફા થશે હા, અગર એનુ મોત જ આવી ગયુ હોયતો અલગ વાત છે.

**(અઝ કિતાબ :- મોલાના હકીમ મુ. અખ્તર સા.દા.બ.)**

## (૪૭૨) ઇયાદત કરતી વખતે બીમારને દિલાસો આપવો

હઝ.અબુ સઇદ ખુદરી ﷺ બયાન ફરમાવે છે કે રસુલુલ્લાહ ﷺ એ ઇરશાદ ફરમાવ્યું : જયારે તમો કોઇ બીમારની પાસે જાઓ તો એને જીંદગીની ઉમ્મીદ આપો, એનાથી કોઇ વસ્તુને અટકાવી નથી શકતા, પરંતુ એબીમારના દિલને ખુશ કરે છે.

હુઝુર ﷺ પોતે જયારે કોઇ સહાબીની ઇયાદત ફરમાવતા તો એને બીમારી પર અજર (સવાબ) મળવા તરફ ધ્યાન ફરમાવતા એટલા માટે કે એના દિલને તસલ્લી મળે (રાહતમળે).

ઉમ્મે અલા (રદી)થી રિવાયત છે કે 'તેઓ ફરમાવે છે કે એક વખત હું બીમાર થઇ તો આપ ﷺ મારી ખબર લેવા આવ્યા અને ફરમાવ્યું : એ ઉમ્મે અલા ! ખૂશ થાઓ કેમકે મુસલમાનની બીમારીના ઝરીયાથી એની ખતાઓને અલ્લાહ તઆલા એવી રીતે દૂર કરે છે જેવી રીતે આગ સોના અને ચાંદીના મેલ ને દૂર કરી આપે છે.' **(સુનને અબુદાઉદ)**

હુઝુરેઅકરમ ﷺ એ ફરમાવ્યું કે જે માણસ વુઝુ કરે અને સવાબ સમજીને મુસલમાન ભાઇની અયાદત કરે તો તે જહન્નમથી એટલી દૂર કરી દેવામાં આવશે જેટલી દૂર કોઇ સાંઠ (૬૦) વર્ષ ચાલીને પહોંચે **(અબુદાઉદ શ.)**

રસુલેપાક ﷺ એ ફરમાવ્યું કે જે માણસ (વ્યકિત) કોઇ બિમારની અયાદત (બિમાર પૂરસી) કરે છે તો આસમાનથી એક પુકારનાર પુકારે છે કે તુ ખુશ રહે, તારૂં આ ચાલવું બરકતવંત થાય, તેં જન્નતમાં ઘર બનાવી લીધું **(ઇબ્ને માજહ)**

## (૪૭૩) શૈખ અ.કાદિર જીલાની રહ.ની અમૂલ્ય નસીહતો:

(૧) ઇચ્છાઓના ગુલામ ન બનો, માલદાર બનવાની ઇચ્છા ન રાખો. (૨) અમલ વિના ઇલ્મ વ્યર્થ છે. જાણી જોઇને જાહિલ ન બનો અને શિખેલ ઇલ્મ પર અમલ કરો. (૩) પોતાની જાઇઝ રોઝી કમાઓ અને ખાઓ તથા તેમાથી હમદર્દી પણ દાખવો. (૪) જયાં સુધી ઝિંદગીનો દરવાજો ખુલ્લો છે એને ગનીમત સમજો. (૫) ઇમાનવાળાઓની આઝમાઇશ અને કસોટી થાય છે. (૬) ખિદમત કરો, માનવવંત બની જશો (૭) અંતરનો જિહાદ બાહ્ય સંઘર્ષ કરતા કઠીન છે. (૮) દૂનિયા તમારા હાથમાં ભલે રહે પરંતુ દિલ પર તેનો કબજો ન થવા દો. (૯) દિલને અલ્લાહની યાદથી આબાદ રાખો. (૧૦) ખુદાની મોહબ્બતનો જ દિલ પર કાબૂ જાળવી રાખો.

હઝ.શૈખ અ.કાદિર જીલાની રહ. ફરમાવે છે કે "દરેક મોઅમીન માટે પ્રત્યેક પરિસ્થિતિમાં ત્રણ વાતોને વળગી રહેવું જોઇએ.

(૧) અલ્લાહતઆલાના હુકમોનું પાલન કરવું (૨) ના જાઇઝ કામોથી બચવું (૩) અલ્લાહતઆલાની મરજી અને તકદીર પર રાજી રહેવુ. આ ત્રણ ગુણો મોઅમીન માટે ખૂબ જ જરૂરી છે. **(સંદર્ભ: મખઝને અખ્લાક)**

## (૪૭૪) ગૌસુલ આઝમ રહ.ના બરકતવંત અકવાલ (વાણી-કથનો):

(૧) શરૂ કરવું તારૂ કામ છે અને પૂર્ણ કરવું અલ્લાહપાકનું (૨) બિન જરૂરી વાતનો જવાબ આપવાથી પણ ઝુબાનને બંધ રાખો જેથી બેકાર વાતોથી બચી શકાય. (૩) તે ઘણો જ બદનસીબ ઇન્સાન છે કે જેના દિલમાં અલ્લાહતઆલાની જાનદાર મખ્લુક પર રહમ (દયા) કરવાની આદત ન હોય. (૪) તમામ ખૂબીઓનું કેન્દ્ર ઇલ્મ શીખવું અને તેના પર અમલ કરવું પછી બીજાઓને શીખવાડવું છે. (૫) ખંડેર કબરો પર વિચાર કરો કે કેવી કેવી સુંદર વિભૂતીઓ માટીમાં ભળી ગઇ. (૬) જે ખુદાતઆલાને ઓળખી લે છે તે લોકોની સામે વિનમ્ર થઇ જાય છે. (૭) ગુમનામીને પસંદ કરો એમાં શોહરતની સરખામણીમાં ઘણી શાંતિ છે. (૮) દુનિયાદાર લોકો દુનિયાની પાછળ દોડી રહયા છે અને દુનિયા અલ્લાહવાળાઓની પાછળ. (૯) મુસ્તહિક ફકીર (deserving begger) અલ્લાહતઆલાની ભેટ છે જે બંદા તરફ મોકલવામાં આવે છે. (૧૦) અલ્લાહની નજીકતા તે જ પ્રાપ્ત કરી શકે છે જે તેની મખ્લૂક (સર્જન) પર કૃપા- દયાભાવ રાખે છે.(સંદર્ભ: મખઝને અખ્લાક)

## (૪૭૫) ગૌસુલ આઝમ રહ.ના બરકતવંત અકવાલ (વાણી-કથનો)

(૧૧) તને લોકો તકબ્બૂર કરવાથી મોટો નહી સમજે બલ્કે નમ્રતાથી મોટો બનશે. (૧૨) પોતાના દિલને ફકત અલ્લાહતઆલા (ની ઇબાદત) માટે ફારિગ (free)રાખો અને પોતાના અંગોથી પત્નિ-બાળકો ના રોજી-રોટી માટે મશ્ગુલ રહો, કારણ કે એ પણ અલ્લાહના હૂકમની તાબેઅદારી છે. (૧૩) અલ્લાહતઆલા પોતાના બંદાઓથી કર્ઝ માંગે છે અને તેનું માધ્યમ ગરીબ (માંગનારા) લોકો છે. (૧૪) એ માનવી! તું મકાનોના બનાવવામાં જીવન ખર્ચ કરે છે, તેમાં રહેશે બીજા અને હિસાબ આપશે તુ. (૧૫) લોકો તરફ નજર રાખવી એટલે અલ્લાહતઆલા તરફ પીઠ કરવા (મોઢુ ફેરવવા) સમાન છે. (૧૬) ખર્ચમાં મધ્યમમાર્ગ (moderation) અડધી કમાઇ છે અને સારૂ ચારિત્ર્ય (good character) અડધો દીન છે. (૧૭) મુસીબતોને છુપાવ, અલ્લાહપાકની નઝદીકી પ્રાપ્ત થશે. (૧૮) ઝીંદગીના દરવાજાને જયાં સુધી ખુલ્લો છે મોકો (ગનીમત) સમજો અને નેકીના કામોને જયાં સુધી તાકત છે ત્યાં સુધી તક (સદભાગ્ય) સમજો (૧૯) અમલ (આચરણ) વગરની વાત અને ઇખ્લાસ (sincerity) વગરનો અમલ (કાર્ય) અસ્વીકાર્ય છે. (૨૦) જે અલ્લાહતઆલાના હૂકમોની તાબેઅદારી ન કરે નિશંક (સ્વભાવિક છે કે) તે અલ્લાહપાકની ખુશનુદી (pleasure) થી મહરૂમ (વંચિત) રહે છે.

(સંદર્ભ: મખઝને અખ્લાક)

## ગેર કોમનો તરીકો ઇખ્તિયાર કરવો. (૧)

ઇસ્લામે જાઇઝ તરીકા પર ખાવા-પીવા અને ખૂશીઓ મનાવવાની ઇજાઝત આપી છે, પરંતુ જે કાર્યોમાં ગૈર કૌમ સાથે મુશાબહત (સામ્યતા) થતી હોય કે શરીઅત વિરૂધ્ધ કાર્ય થતુ હોય એવા કામો થી શરીઅતમાં સખ્તીથી રોકવામાં આવ્યા છે. શરીઅત વિરૂધ્ધ કાર્ય કરનાર વ્યકિતના હુઝુર સલ.એ સલામનો જવાબ પણ નથી આપ્યો. (તિરમિઝી ૧૦૪/૨) ઇસ્લામથી પહેલા મહરઝાન અને નવરોઝ એ બે દિવસોમાં લોકો રમત ગમત વિગેરેમાં મશ્ગુલ થઇ ખુશીઓ મનાવતા હતા તો હુઝૂર સલ.એ તેનાથી મના ફરમાવ્યું. (મિશ્કાત : ૧૨૬) હદીસે પાકમાં છે કે જે કોઇ અન્ય કોમ સાથે મુશાબહત (સરખામણી) ઇખ્તિયાર કરશે તેનો હશ્ર તેઓની સાથે થશે. (અબુ દાઉદ : ૫૫૯)

આ સામ્યતા ખાવા-પીવા, રહેણી- કરણી કે પછી કાર્યોમાં હોય દરેકનો આ જ હુકમ છે. અહાદીસે પાક અને સહાબએ કિરામના અમલથી સ્પષ્ટ માલુમ થાય છે કે ગૈર કૌમના તહેવારોના દિવસે તેમના જેવા કૃત્યો કરવા અને ખૂશીઓ મનાવવી જાઇઝ નથી, કેટલાક ઉલમાએ કિરામ તો આવી બાબતોને એટલી બુરી સમજે છે કે ગૈર કૌમના તરીકા પર અમલ કરનાર માટે કાફિર થઇ જવાનો હુકમ લગાવ્યો છે. ખાસ આ દિવસોમાં જ વસ્તુઓ ખરીદવા અને તેમના જેવા કાર્યો કરવાથી તેમનું અનુકરણ થાય છે જેનાથી બચવું ખુબ જરૂરી છે. (ક્રમશઃ)

**અઝ :- હઝ.મુફ્તી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.**

## ગેર કોમનો તરીકો ઇખ્તિયાર કરવો. (૨)

“ફતાવા ઝખીરહ” માં લખ્યું છે કે જે માણસ ખાસ ગેરકોમનો તહેવાર (હોળી, પતંગબાજી, ફટાકડા ફોડવા, ગરબા રમવું અથવા જોવુ વગેરે) માટે ઘરથી બહાર નીકળે તે કુફ્રના નજદીક થઇ જાય છે, કારણ કે આ માણસ પોતાના કાર્યોથી કુફ્રની મદદ કરે છે, (પ્રોત્સાહન આપે છે) અને એને પોતાના અમલથી સારુ કામ હોવાની ગવાહી આપે છે.

“ઉમ્દતુલ ઇસ્લામ” નામની કિતાબમાં લખ્યું છે કે જે માણસ કાફિરોનો રિવાજ અપનાવે જેમકે મકાન બનાવવામાં નાળિયેર ફોડવું, લાલ દોરો બાંધવો વગેરે તો તે માણસ કાફિર થઇ જાય છે. (મિરકાત ૨૫૨/૨, મઝાહિરે હક – ૩)

માટે ગેરકોમના તહેવાર દિવાળી, મકર સંક્રાંતિ, નાતાલ વગેરેમાં ઇસ્લામના વિરૂધ્ધ કામોમાં મશ્ગુલ થવું એ એને ઇખ્તિયાર કરવા બરાબર છે, એનાથી કાફિરો સાથે મુશાબહત થાય છે માટે આ હરામ થશે, અને એનાથી દીનના કામોમાં ગફલત થઇ જાય છે, જેના સંદર્ભમાં અલ્લાહતઆલા ફરમાવે છે “અમુક લોકો તે છે જે અલ્લાહથી ગાફિલ કરનાર વાતોના ખરીદાર બને છે એટલા માટે કે એનાથી લોકોને સમજયા વગર અલ્લાહના રસ્તાથી ભટકાવે અને એની મજાક ઉડાવે, એ લોકોને તે અઝાબ થશે જે બેઇઝ્ઝત કરી નાખશે.” (સુ.લુકમાન આ-૬, આસાન તર્જુમએ કુર્આન સઃ-૬૮૮) (ક્રમશ)

**અઝ :- હઝ.મુફ્તી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.**

## ગેર કોમનો તરીકો ઇખ્તિયાર કરવો. (૩)

માલ (wealth) અલ્લાહતઆલાની નેઅમત છે, ગુનાહના કામમાં ઇસ્તેઅમાલ કરવાથી એની નાશુક્રી સમજવામાં આવે, ફટાકડા અથવા પતંગ ખરીદવાથી માલને ફુઝુલ બરબાદ કરવો છે. અને કુર્આને પાકમાં ઇરશાદ છે કે "યકીન કરો કે જે લોકો ફુઝુલ કામોમાં માલને ઉડાવે છે તે શેતાનના ભાઇ છે" (સુ.બની ઇસ્રાઇલ આ.૨૭)

એટલા માટે નાજાઇઝ કામોમાં માલને ખર્ચ કરવો અલ્લાહતઆલાની નાશુક્રી થશે અને માલ છીનવી લેવાનો જરીયો બને છે, અને નાશુક્રી કરનાર માટે કુર્આનેપાકમાં બરબાદીની ચેતવણી આપવામાં આવી છે. (સુ.ઇબ્રાહીમ/૭)

આજ કાલ અલ્લાહતઆલાનો અઝાબ અને કયામતની નિશાનીઓ જેમકે ધરતીકંપ, હુલ્લડ-ફસાદ, એકસીડન્ટ, મોંઘવારી વગેરેની શકલમાં જોવા મળે છે, તો શું આવા વખતમાં પણ દિલોમાં અલ્લાહનો ખૌફ પેદા કરવાનો વખત નથી આવ્યો? કુર્આનેપાકમાં અલ્લાહતઆલા ફરમાવે છે "શું ઇમાનવાળાઓ માટે એ વખત નથી આવ્યો કે એમનું દિલ અલ્લાહતઆલાની નસીહત અને દિનેહક્ક ના સામે જુકી જાય. (સુ.હદીદ/૧૬)

માટે આપણો કિંમતી વખત અને માલ બેફાયદા અને બેકાર કામોમાં બરબાદ કરવાથી અને પોતાની જાતને અને પોતાના માલને ગુનાહોના કામમાં બરબાદ કરવાથી બચાવવું જોઇએ, અને બીજા લોકોને પણ બચાવવું જરૂરી છે.

**અઝ :- હઝ.મુફ્તી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.**

## સુન્નતોની તાબેદારી :
## હુઝૂર ﷺ ની મોહબ્બતનો એક ભાગ

### સૂન્નતની તાબેદારીનો સરળ માર્ગ...

પોતાના બાળકોને ખાવાની સુન્નતો.. વુઝૂની સુન્નતો.. નમાઝની સુન્નતો શીખવાડો. મદ્રસહના ઉસ્તાદો મદ્રસહમાં શીખવાડે અને તેમને તાકીદ કરવામાં આવે કે તેઓ ઘરે જઇને પોતાના ઘરવાળાઓ માં-બાપ ભાઇ-બહેનને શીખવાડે, આ પ્રમાણે સમાજમાં સુન્નતોનું નૂર ફેલાશે, આ બાળકોને પૂછવામાં પણ આવે કે ઘરે જઇને કહ્યું કે નહી? આજ પ્રમાણે સૂવાની-ઉઠવાની સુન્નતો, મસ્જિદમાં દાખલ થવાની-મસ્જિદમાંથી બહાર નીકળવાની વગેરે સુન્નતોની પ્રેકટીકલ પ્રેકટીસ (મશ્ક) કરાવવી જોઇએ.સુન્નતોથી ઘણુ જ નૂર(બરકત) પેદા થાય છે.

સુન્નતોની તાબેદારી ન કરનાર ભલે હવામાં ઉડતો હોય પરંતુ તે અલ્લાહની ઢીલ (મોકો) માં છે તે સુન્નતોની તાબેદારી કરનારથી અફઝલ (શ્રેષ્ઠ) નથી થઇ શકતો. જેનુ ઉદાહરણ એ પ્રમાણે છે કે વડાપ્રધાન વિમાન ઉડાવી શકતા નથી પરંતુ એક પાઇલોટ વિમાન ઉડાડીને વડાપ્રધાનને સફર કરાવે છે પરંતુ પદ (સ્થાન) કોનું ઉંચુ છે? ઘણીવાર પાઇલોટ બિનમુસ્લિમ હોય છે પરંતુ વિમાનમાં મુસાફરી કરનાર આલીમ અને બુર્ઝુર્ગો પણ હોય છે.

માટે... સુન્નતોને ખૂબ પ્રચલિત કરો ફેલાઓ... એક બે સુન્નત દરરોજ દરેક મદ્રસહ અને મસ્જિદમાં શીખવાડો.સુન્નતોને ફેલાવવાથી બિદઅતો આપોઆપ ખતમ થતી જશે.

**(મલફુઝાત અઝ : હઝ.મૌલાના શાહ અબરારૂલ હક રહ. ખલીફા હઝ.મૌલાના અશ્રફ અલી થાનવી રહ.)**

## (૪૭૭) બાળકો સાથે પ્યારા નબી ﷺ નો પ્રેમાળ વ્યવહાર (બાળ દિનના પરિપ્રેક્ષ્યમાં)

આમ તો આપ ﷺ ની પાકીઝા જીંદગીમાં દરેક માણસના સાથે સારો વ્યવહાર અને દરેકના હકકોનો ખ્યાલ રાખવો અને તેને અદા કરવાની પાબંદી જોવા મળે છે, પરંતુ આપ ﷺ ની મુબારક સીરતમાં બાળકો સાથેનો વ્યવહાર, વર્તાવ અને શફકત તથા મુહબ્બતના જે પ્રસંગો મળે છે તે આપણા માટે બાળકો સાથેના વ્યવહાર માટેના માર્ગદર્શક અને સોનેરી સિધ્ધાંતો સમાન છે, બાળકો માસુમ (નિર્દોષ) હોય છે તેઓ આ દુનિયા રૂપી બાગમાં રંગબેરંગી ફુલો સમાન હોય છે. તેમના કલરવથી તો આ દુનિયાની રોનક જોવા મળે છે.સામાન્ય રીતે દરેક બાપને પોતાના બાળકો સાથે કુદરતી પ્રેમ અને સ્નેહ જરૂર હોય છે, પરંતુ કેટલાક એવા પણ હોય છે જેઓને પોતાના બાળકો તરફ ધ્યાન આપવાનો મોકો જ નથી મળતો કે તેઓ કાળજી નથી રાખતા. એટલાજ માટે નબીએકરીમ ﷺએ ફરમાવ્યું છે "જે માણસ અમારા નાના ઉપર શફકત નથી કરતા તે અમારામાંથી નથી" (તિરમિઝી શ.)

હઝ.અબુ હુરૈરહ ؓવર્ણવે છે કે એકવાર હુઝૂર ﷺ એ હસન બિન અલી ؓનો બોસો લીધો (તેમને ચુબંન કર્યુ)તે સમયે તેમની પાસે અકરઅ બિન હાબિસ રદી.બેઠેલા હતા તેમણે કહ્યું કે મારા દસ બાળકો છે, મેં કદી તેમનો બોસો નથી લીધો, તો રસુલે પાક ﷺ એ તેમની સામે જોયું અને પછી ફરમાવ્યું "જે માણસ રહમ નથી કરતો તેના ઉપર પણ રહમ નથી કરવામાં આવતો" (બુખારી શ.)

આજ બાળપ્રેમ અને શફકતનો વ્યવહાર હતો કે હુઝુર ﷺ રસ્તામા ચાલતા બાળકોને પણ સલામ કર્યા કરતા હતા - હઝ. અનસ ؓ બાળકો પાસેથી પસાર થયા તો તેમને સલામ કર્યુ અને ફરમાવ્યું કે નબીએ કરીમ ﷺ આ પ્રમાણેજ કરતા હતા.(બુખારી શ.) **અપૂર્ણ...**

## (477) Beloved Nabi's ﷺ loving treatment of children. (In the context of the Children's day)

Thus, in Hazrat Muhammed ﷺ Pakeezah life, there is a regularity in dealing well with everyone and realizing the rights of everyone and fulfilling them.

But the dealings with children in the holy life of Huzur pak ﷺ the behavior and the instances of compassion and love that we find are like guiding and golden principles for dealing with children. Children are innocent (masoom). They are like colorful flowers in the garden of this world. The brightness of this world can be seen with their chirping. Generally every father needs natural love and affection with his children, but there are some who don't get a chance to pay attention to their children or they don't care. That is why Huzur pak ﷺ has said that "the man who does not show mercy to our little children is not from us".

Hazrat Abu Hurairrah narrates that once Huzur pak ﷺ kissed Hassan Bin Ali ,at that time Akram bin Habis (R.A) was sitting with him and he said that I have 10 children I have never kissed them, Huzur pak ﷺ looked at him and then said "The man who has no mercy" He will not be shown mercy" (Bukhari).

It was a childish and kind act that Huzur pak ﷺ used to salute(salaam) even the children walking on the road. When Hazrat Anas passed by the children, he saluted (salaam) them and said that Huzur pak ﷺ used to do the same.

## (૪૭૮) બાળકો સાથે પ્યારા નબી ﷺ નો શફકતભર્યો વ્યવહાર...

હુઝુરે પાક ﷺનો બાળપ્રેમ અને બાળકો સાથેનો શફકતભર્યો વ્યવહાર દરેક વ્યકિત માટે માર્ગદર્શક રૂપ અને માર્ગ દર્શક છે.ઘણી વાર સહાબએ કિરામ રદી.ને બાળકો સાથેનો શફકત અને પ્રેમભર્યો વર્તાવ અને તેમની સાથે મસ્તી મજાક જોઇને આશ્ચર્ય પણ થતુ હતું કે આપ ﷺપણ આટલી મોટી શખ્શીયત અને પેગમ્બરી અને રિસાલત ના મકામ (જગ્યા)પર ફાઇઝ થઇને પણ બાળકો સાથે ગમ્મત અને શફકતનો વર્તાવ કરે છે! હઝ.અબુહુરૈરહ رضي الله عنهથી રિવાયત છે મેં નબીએ કરીમ સલ. ને જોયા છે કે આપ ﷺ હઝ. ઇમામ હસન رضي الله عنهને પોતાના ખભા પર બેસાડતા હતા અને એમનુ લુઆબ (થુંક)નબીએ કરીમ ﷺપર પડતું હતું (મુસ્નદે અહમદ)

હઝ.અબુહુરૈરહ رضي الله عنهથી રિવાયત છે કે નબીએ કરીમ ﷺ ઘરથી બહાર તશ્રીફ લાવ્યા તો આપના સાથે હઝરાતે હસનૈન (હસન-હુસેન) પણ હતા,એક ખભા પર એક અને બીજા ખભા પર બીજા (નવાસા) અને નબીએ કરીમ ﷺકદી એકને બોસો આપતા અને કદી બીજાને, એવી રીતે ચાલતા ચાલતા નબીએ કરીમ સલ. અમારા પાસે આવી ગયા તો એક માણસે પુછયું: યા રસુલૂલ્લાહ ﷺઆપ આ બન્નેવથી ઘણી મુહબ્બત કરો છો. નબીએ કરીમ ﷺએ ફરમાવ્યું: જે આ બન્નેવથી મુહબ્તકરે છે તે એવો છે કે તે મારાથી મુહબ્બત કરે છે, અને જે એમનાથી દુશ્મની રાખે છે તે મારાથી દુશ્મની રાખે છે.(બુખારી)

અબુ મુસા رضي الله عنهફરમાવે છે કે એક વખત રસુલુલ્લાહ ﷺ મિમ્બર પર ખુતબો આપી રહયા હતા કે હસન અને હુસૈન રદી.આવી ગયા,બન્નેએ લાલ કુરતા પહેર્યા હતા અને લડખડાતા - પડતા ચાલી રહયા હતા. આપ ﷺ મિમ્બરથી નીચે ઉતર્યા અને બન્નેને ગોદમાં લઇ લીધા પછી ફરમાવ્યું ‘અલ્લાહતઆલા સાચું ફરમાવે છે કે તમારો માલ અને અવલાદ ફિતનો છે, મેં એમને લડખડાતા - પડતા આવતા જોયા તો સબ્ર ન કરી શકયો - એટલે સુધીકે મિમ્બરથી ઉતરીને એમને ગોદમાં ઉઠાવી લીધા.’ (તિરમીઝી) **અપૂર્ણ...**

## (૪૭૯) બાળકો સાથે પ્યારા નબી ﷺ નો શફકતભર્યો વ્યવહાર...

હઝ.અબુ કતાદહ અન્સારી ؓ થી રિવાયત છે કે નબીએ કરીમ ﷺ નમાઝ અદા ફરમાવતા હતા અને એજ હાલતમાં પોતાની નવાસી ઉમામહ ؓ ને ઉઠાવેલ હતા અને જયારે સિજદો કરતા તો તેમને ઉતારી દેતા ફરી નમાઝની હાલતમાં હઝ.ઉમામા ؓ આપ ﷺના ઉપર ચઢી જતા હતા અને પાછા ઉતરી પણ જતા જેવી રીતે કે બાળકોની આદત હોય છે (બુખારી શ.)

ઉપરોકત રિવાયતોથી માલમ પડે છે કે બચ્ચાઓના સાથે મુહબ્બત અને શફકત આપ ﷺ ની મુકદદસ જાતમાં અનહદ રીતે ભરેલી હતી કે નમાઝ અને ખુત્બા જેવી ઇસ્લામી અહકામોને અદા કરતાની સાથે આપ ﷺ બચ્ચાઓની જઝબાત અને નફસાનિયત (પ્રકૃતિ) અને એમના દુખ અને દર્દનો એહસાસ (અનુભવ) કરતા હતા. હઝ.અનસ બિન માલિક ؓરિવાયત કરે છે કે મેં કોઇ ઇમામ ના પાછળ નબીએ કરીમ ﷺ થી વધારે હલ્કી અને મુકમ્મલ નમાઝ નથી પઢી અને આપ ﷺ છોકરાઓનું રડવાનુ સાભંળી એ બીકથી કે એની માં પરેશાન થઇ જશે નમાઝને હલ્કી (આસાન) કરી આપતા હતા (બુખારી શ.)

હઝ.અબ્દુલ્લાહ બિન હારિસ ؓ કહે છે કે જનાબે રસુલુલ્લાહ ﷺઅબ્દુલ્લાહ, ઉબેદુલ્લાહ અને કષીર જે હઝ.અબ્બાસ ؓ ના છોકરા હતા એમને એક સફ મા ઉભા કરી અને ફરમાવતા કે મારી પાસે પહેલો આવશે, એને આ મળશે. બધા દોડી દોડીને નબીએ કરીમ ﷺ પાસે આવતા કોઇ પીઠ પર પડતા કોઇ છાતી મુબારક પર પડતા નબીએ કરીમ ﷺ એમને પ્યાર કરતા અને પોતાના જીસ્મ (બદન) સાથે લગાવી લેતા. (મુસ્નદે અહમદબિન હમ્બલ:૧૮૩૬)

આપ ﷺ બાળકોને જે પ્રમાણે પ્રેમભર્યા અને લાડભર્યા શબ્દોથી બોલાવતા હતા એ શબ્દોજ આપ સલ.ના બાળકો પ્રત્યેનો વર્તાવ અને શફકતના ઉત્કૃષ્ટ નમૂના છે... **(અપૂર્ણ...)**

## (૪૭૯) બાળકો સાથે પ્યારા નબી ﷺ નો શફકતભર્યો વ્યવહાર...

આપ સલ.બાળકોને હમેશા ખુશ કરવા અને સહાનુભુતી દાખવવાની તદબીર ફરમાવતા રહેતા. તેમના સાથે રમતા, તેમની રમતનું ધ્યાન રાખતા, તેમને સલામ કરવામાં રહેલ કરતા બલ્કે તમને હદિયો અને ગીફટ પણ આપતા હતા. ખાવા,પીવાની વસ્તુઓથી પણ તેમને નવાઝતા.

હઝ.અબુ હુરૈરહ રદી.થી રિવાયત છે કે જયારે હુઝુરે પકા સલ.ની ખિદમતમાં પહેલું ફળ રજુ કરવામાં આવતુ તો આપ સલ.દુઆ ફરમાવતા કે “એ અલ્લાહ અમારા ફળો માં અને માપ તાલમાં ખૂબ ખૂબ બરકત અતા ફરમાવ” પછી આપ સલ.તે ફળ આપની પાસે મૌજુદ બાળકોમાંથી સૌથી નાના બાળકને આપતા.(મુસ્લિમ શ.૧૩૭૩)

## (૪૮૦) આપ ﷺ ની બાળકોની પ્યારભરી કેળવણી

હઝ.રાફેઅ બિન ઉમર ગફફારી ﷺ ફરમાવે છે કે બાળપણમાં એક વાર ખજૂરના ઝાડો પર પથ્થર મારતો હતો. મને નબી ﷺ ની સામે રજુ કરવામાં આવ્યો. આપ ﷺ એ ફરમાવ્યું બેટા! તુ ઝાડ ઉપર પથ્થર શા માટે મારે છે? મેં જવાબ આપ્યો કે ફળ ખાઉ છું. આપ ﷺ એ ફરમાવ્યું હવે પછી પથ્થર ન મારશો અને જે ફળ આપમેળે નીચે પડી જાય છે તે ખાઇ શકો છો પછી આપ ﷺ એ મારા માથા ઉપર હાથ ફેરવ્યો અને દુઆ ફરમાવી કે એ અલ્લાહ એનુ પેટ ભરી આપ. (સુનને ઇબ્ને માજાહ)

હઝ.ઉમર બિન અબી સલમી ﷺ ફરમાવે છે કે બાળપળમાં હું આપ ﷺ ની નિગરાનીમાં હતો. એકવાર ખાતી વખતે મારો હાથ વાસણમાં આમતેમ ફરતો હતો તો આપ ﷺએ ફરમાવ્યું એ બાળક! અલ્લાહનું નામ લઇને ખા, સીધા હાથથી ખા, અને પોતાની સામે (નઝદીક)થી ખા, જેથી તે પછી હું આપ ﷺ ની તઅલીમ મુજબ ખાવા લાગ્યો. (બુખારી શરીફ)

નબીએ કરીમ ﷺ બાળકોને રાઝની વાતો ગુપ્ત રાખવાની તઅલીમ ફરમાવતા હતા, હઝ. અબ્દુલ્લાહ બિન જાઅફર ﷺ ફરમાવે છે કે એક વાર હુઝુર ﷺએ મને પોતાની સવારી ઉપર પાછળ બેસાડી આપ્યો અને મને કોઇ રાઝની વાત કહી અને ફરમાવ્યું કે હું એને કોઇની સામે ઝાહેર ન કરૂં.(અબુ દાઉદ શ.)

હઝ.અનસ ﷺ રિવાયત કરે છે કે એકવાર મને ફરમાવ્યું કે એ દિકરા! જયારે તમે પોતાના ઘરવાળાઓને મળો તો સલામ કરો, આ સલામ કરવું તમારા અને તમામ ઘરવાળાઓ માટે ભલાઇ અને બરકત નું કારણ બનશે. (તિરમીઝી શ.)

**આ રિવાયતોની રોશનીમાં નબીએ કરીમ ﷺ નો બાળકો સાથેનો વર્તાવ, તેમની ભલાઇ, તેમનું દિલ જીતવું અને બાળકોની ખૂબજ પ્રેમભર્યા તરીકાથી તાલીમ અને કેળવણીના નમુના મળે છે જે બાળકો સાથેના વર્તાવ બાબતે સીરતે નબવી ﷺ નો એક અગત્યનો ભાગ છે અને આપણા માટે માર્ગ દર્શક અને નમૂના રૂપ છે.**

## (૪૮૧) પોતાના ઘરો અને ખાવાને શૈતાનથી બચાઓ...

હઝ.જાબિર બિન અબ્દુલ્લાહ ؓ થી રિવાયત છે કે એમણે નબીએ કરીમ ﷺ ને ઇરશાદ ફરમાવતા સાંભળ્યું આપ ﷺ ફરમાવી રહયા હતાઃ જયારે આદમી પોતાના ઘરમાં દાખલ થાય છે તો દાખલ થતી વખતે અને ખાવું ખાતી વખતે અલ્લાહનું નામ લે છે તો શૈતાન (પોતાના શૈતાનો) થી કહે છે કે આજે તમને એ ઘરમાં રાત ગુઝારવાની જગ્યા ન મળી, અને જયારે ઘરમાં દાખલ થતી વખતે અલ્લાહનું નામ ન લે તો શૈતાન કહે છે કે તમને આ ઘરમાં રાત રહેવાની જગ્યા મળીગઇ એજ પ્રમાણે જયારે ઇન્સાન ખાવું ખાતી વખતે અલ્લાહનું નામ ન લે તો શૈતાન કહે છે કે તમને રાત ગુજારવાની જગ્યા અને સાંજનુ ખાવા મલીગયું. (સહીહ મુસ્લિમ)

## ઝમીન પર નાજાઇઝ કબ્જો કરવા પર ચેતવણી

આપ સલ.એ ફરમાવ્યું : જેણે કોઇ ઝમીન પર નાહક (ગેરકાયદે) કબજો કર્યો તો તેને કયામતના દિવસે સાત ઝમીનો સુધી ધસાવી દેવામાં આવશે (બુખારી શ.)

હઝ.અબુ સલ્મા ؓ ફરમાવે છે કે તેમના અને બીજા કેટલાક લોકો વચ્ચે એક ઝમીનનો ઝઘડો હતો એમણે માં આઇશા ؓને વાત રજુ કરી તો હઝ. આઇશા ؓ એ ફરમાવ્યું! ‘એ અબુ સલ્મા! ઝમીન બાબતે બચો એટલા માટે કે નબીએ કરીમ ﷺ એ ફરમાવ્યું : જેણે એક બાલિશ્ત પણ કોઇના પાસેથી જુલ્મ કરીને લઇ લીધી તો તેને (કયામતના દિવસે) સાત ઝમીનોનો હાર પેહરાવવામાં આવશે.(બુખારી શ.)

## (૪૮૨) લિબાસ કિવાં પોશાક

**"લિબાસ"** માનવીનું એક વિશિષ્ઠ ગુણ છે. અન્ય સજીવોને આ નેઅમત પ્રાપ્ત નથી અને ન તો એમનામાં એના માટેની યોગ્યતા છે, માટે નગ્નતા પ્રાણીઓનો ગુણ છે. કપડાંનો મૂળ હેતુ અલ્લાહના હુકમની ફરમાબરદારીમાં પોતાના બદન અને સતરને ઢાંકવું છે.

કુર્આનેહકીમમાં છે "અય આદમની અવલાદ અમે તમારા માટે પોશાક પેદા કર્યો કે જે તમારી નગ્નતાને ઢાંકે છે અને તમારા શરીરનો શણગાર પણ છે પરંતુ પરહેઝગારીનો પોશાક સૌથી સારો છે. (સૂ.અઅરાફ આ.૩૬)

મઝકૂર આયતમાં દરેક ઇન્સાનને સંબોધીને અલ્લાહપાકે ફરમાવ્યું છે કે પોશાક અલ્લાહપાકની મહાન નેઅમત છે. એમાં અલ્લાહતઆલાના હુકમની ફરમાબરદારી માં પોતાનું બદન અને સતર છુપાવવાનો હુકમ આપ્યો છે. માટે ઝાહેરી પોશાકથી શરીર ઢંકાઇ છે તેમજ શણગાર થાય છે. ઉપરોકત આયતમાં પોશાકના બે ફાયદા દર્શાવવામાં આવ્યા. (૧) બદન છુપાવવું (૨) બદનની શોભા,

**'લિબાસ'** નો મૂળ હેતુ સતર છુપાવવું છે. ઓરત અને મરદના બદનનો તે ભાગ જેને સતર કહે છે તેમને છુપાવવુ શરઇ, તબઇ અને અકલી દ્રષ્ટિએ ફર્ઝ છે. અને ઇમાન પછી સૌથી પહેલો ફર્ઝ જેના પર અમલ કરવું જરૂરી છે તે સતરને છુપાવવું છે.

શરીઅતમાં મરદ માટે દુંટીથી લઇ ગુંઠણના નીચેના ભાગ સુધીનો હિસ્સો સતરમાં દાખલ છે અને ઓરત માટે ચેહેરો,બંને હાથોની હથેળીઓ અને બંને કદમ (તખ્નાથી નીચેનો ભાગ) સિવાય આખું બદન સતરમાં દાખલ છે.

મુસલમાનો માટે જરૂરી છે કે નેક અને દીનદાર લોકોનો લિબાસ ઇખ્તિયાર કરે અને ગેરકોમોના લિબાસથી દૂર રહે.ફેશનેબલ લિબાસમાં પોશાકનો આ હેતુ પરિપૂર્ણ થતો નથી. **(અઝ કિતાબ "લિબાસ": મુફતી ઇસ્માઇલ વાડીવાલા સા. રહ.)**

## (482) Dress / Attire

An attire is a unique quality of a human being. Other creatures are not blessed with it, neither they have the ability for it. The main purpose of the garment is to cover one's body and satar in obedience to Allah's order.

O children of 'Adam, we have sent down to you the dress that covers your shame and provides adornment. As for the dress of Taqwa (piety),that is the best. (Translation by Shaykh Mufti Taqi Usmani sa.)

Addressing to every human being allahtaala says in the Holy Quran that clothing is a great blessing of Allah. In it, in obedience to the order of Allah, he has given the order to hide body and satar. Therefore, public dress covers the body and adorns it. The above verse (aayat) shows two benefits of clothing {1} Body concealment {2} Body adornment

The basic purpose of 'Libas' is to hide the satar. It is a religious, social and visual duty to hide the women and that part of the men body called satar. And the first duty to be followed after Iman is to cover the satar.

In Shari'ah, the portion from the umbilicus (bellybutton) to the lower part of the knee is included in the satar, for a man, the whole body is included in the satar except for the face, the palms of both hands, both feet (below the takhana)

It is necessary for Muslims to adopt the garb of pious and religious people and stay away from the garb (mushabahat) of other religions. Fashionable garb doesn't fulfill this purpose of dress.**(From the book "Libas" Mufti Ismail Wadiwala sa. (R.a.)**

## (૪૮૩) પોશાક કેવો હોવો જોઇએ...

હઝ.અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ ﷺ થી રિવાયત છે કે રસુલ પાક ﷺ ની મજલીસ સામેથી એક માણસ પસાર થયો તેણે લાલ રંગના કપડાં પેહરેલાં હતાં તેમણે આપ ﷺ ને સલામ કર્યુ. પ્યારા નબી ﷺ એ તેમના સલામનો જવાબ ન આપ્યો એનુ કારણ એ છે કે તેમના કપડાનો રંગ બિલ્કુલ લાલ હતો જે સામાન્ય રીતે મર્દો માટે શોભનીય નથી હોતો બલ્કે ઓરતો માટે હોય છે,જેથી આપ ﷺ એ નારાઝગીના કારણે સલામનો જવાબ ન આપ્યો. એટલાજ માટે ઉલમાએ લખ્યુ છે કે મરદો માટે આવા ગાઢ રંગવાળા કપડા પહેરવા મકરૂહ છે કારણકે એના માટે પ્યારા નબી ﷺની ખુલ્લી નારાઝગી છે આ સદંર્ભમાં કુર્આને પાકમા પણ આ હેતુ સ્પષ્ટ રીતે ફરમાવામા આવ્યો છે... “હે આદમની અવલાદ! અમે તમારા માટે પોશાક ઉત્પન્ન કર્યો છે કે જે તમારી નગ્નતા ને ઢાંકે છે અને (તે તમારા શરીરનો) શણગાર પણ છે...(સૂ.અઅરાફ : ૨૬)

**પોશાકનો મુખ્ય હેતુ :** માટે પહેલો હેતુ એ છે કે તે આપણા સતરને છુપાવે છે માટે જો કપડાં પહેરવા છતાં કોઇ વ્યકિતનું શરીર યોગ્ય રીતે ઢંકાયેલ ન હોય જેમકે કપડાં ખૂબ પાતળા હોય અથવા ઘણા ચુસ્ત હોય જેના કારણે શરીરના અંગો દેખાતા હોય જેના પરિણામે પોશાકનો હેતુ પરિપૂર્ણ થતો નથી. અથવા એવા ટુંકા કપડાં પહેરે કે ઉઠતા બેસતા વખતે કે કોઇ પણ સવારી પર સવાર થતી વખતે શરીરના અંગો ગુંઠણથી ઉપરનો ભાગ અથવા સતરનો ભાગ દેખાઇ. કારણકે મર્દ માટે દરેક હાલતમાં દુટીથી લઇને ગુઠણ સુધીનો ભાગ છુપાવું જરૂરી છે અને બીજાઓને બતાવવું તદ્દન હરામ છે અને જોવું પણ હરામ છે.

પોશાકનો બીજો હેતુ સુંદર દેખાવું છે એટલેકે પોશાકથી વ્યકિત સુંદર દેખાય છે અને ઇન્સાન અને જાનવર વચ્ચે ફરક પડે છે.પોશાકની નેઅમતથી ઇન્સાનને સૌંદર્યતા પ્રાપ્ત થાય છે. કુર્આને પાકની તાલીમની રોશનીમાં શરીઅતના નિયમોનું પાલન કરીને જે કપડાં પહેરવામાં આવે તે સૌથી શ્રેષ્ઠ છે. હુઝૂર ﷺ નો હુકમ એ છે કે કોઇ પુરૂષ સ્ત્રીઓ જેવો પોશાક ન પહેરે. પોશાક એવો પણ ન હોવો જોઇએ જે અન્ય કોઇ જાતી કે કૌમની વિશિષ્ટ ઓળખ હોય આ સિધ્ધાંતો અને માર્ગદર્શનનું પાલન કરીને કોઇ પણ વ્યકિત પોતાના માહોલ,પોતાનો વિસ્તાર,ઋતુ પ્રમાણેના ફેરફાર સાથે કોઇપણ પ્રકારનો પોશાક પહેરે તો શરીઅતમાં એની કોઇ મના નથી.

રસુલુલ્લાહ ﷺ એ એમ પણ ફરમાવ્યું કે “સફેદ કપડાં પહેરો કારણ કે તે વધારે પાક અને સ્વચ્છ છે અને તેમાં જ પોતાના મુરદાઓને કફનાવો (તિરમિઝી શ. ૩૭૦/૪)

## (૪૮૪) ક્રિસ્મસ અને તેની હકીકત:

૨૫ ડિસેમ્બરનો દિવસ વિશ્વભરમાં ઇસાઇ (ખ્રિસ્તી) લોકો ક્રિસ્મસડે તરીકે ઉજવે છે આ તારીખ માટે એમનો ખ્યાલ એ છે કે આજ દિવસે હઝ. ઇસા عليه السلام ની પેદાઇશ થઇ હતી જેની ખુશીઓ માટે તેઓ આ દિવસને ઇદ (ખુશી) ના દિવસ તરીકે ઉજવે છે.

ક્રિસ્મસ બે શબ્દોથી જોડાયેલ શબ્દ છે Christ અને Mass. Christ હઝ. ઇસા عليه السلام ને કહે છે અને Mass નો અર્થ સમુહ અથવા ભેગા થવું **અર્થાત:** હઝ.ઇસા عليه السلام માટે ભેગા થવું.

હકીકતમાં ઇસા عليه السلامના જન્મદિવસ બાબતે ખ્રિસ્તી વિદ્વાનોમાં પણ ઘણા મત મતાંતર છે.

હઝ.ઇસા અલ.ની શખ્સિયત ખૂબજ આદરપાત્ર છે.એમના વિશે વિવિધ બાબતોનો ઉલ્લેખ અલ્લાહતઆલાએ કુર્આનેપાક (સૂ.મરયમ વિગેરે)માં ફરમાવ્યો છે. એમનુ પવિત્ર જીવન અને આપની વાલિદહ હઝ. મરયમ عليها السلام ના નેક અને પાક વ્યકિતિત્વની ગવાહી કુર્આનેપાકમાં આપવામાં આવી છે.

મુસલમાનો માટે આ અંગેની પાયાની માહીતીથી જાણકાર રહેવું જરૂરી છે, સાથેજ તમામ બિનઇસ્લામી રિવાજો અને વિધિઓથી પોતાને બચાવવું જરૂરી છે. આપણે ઉચ્ચ (standard-quality) શિક્ષણના ખ્વાબોમાં ખોવાઇને આપણી અવલાદને દીન અને ઇમાનથી દૂર ન થવા દઇએ. આ તેહવારેના મોકા પર આ તહેવારો સંબધીત વસ્તુઓ જેમકે ક્રિસ્મસ કેક, ક્રિસ્મસ ટ્રી, ક્રિસ્મસ ટોપીઓ, ફુગ્ગાઓ, કપડાં, વિગેરે ખરીદવું જાઇઝ નથી. હદીસેપાકમાં બિન મસ્લિમો સાથે રિવાજો કે વસ્તુઓ બાબતે સખ્તીથી મના કરવામાં આવે છે.

હુઝુર ﷺ એ એક હદીસે પાકમાં ફરમાવ્યું છે કે ‘જે વ્યકિતએ જે કોમની સરખામણી ઇખ્તિયાર કરી તે તેઓના પૈકીજ હશે. ફતાવા મહમુદીયામાં લખવામા આવ્યું છે કે આ બધી બાબતો નાજાઇઝ અને ગુનાહિત છે. અગર બિન મુસ્લિમોના તહેવારની ઇઝઝત અને ઉજવણી માટે રકમ આપે છે અને શરીક થાય છે તો તે કુફ્ર છે મુસલમાનો માટે આવા કાર્યોથી બચવુ (તૌબા)જરૂરી છે. (ભાગ.૨૯ પેજ ૩૫૩)

**(અઝ : ઉલમાએ અહનાફ - દેવબંદ)**

## (484) Christmas and its reality

December 25th is celebrated as Christmas Day by Christians all over the world. Their idea for this date is that Hazrat Isaa عليه السلام(Jesus) was born on this day, for whose happiness they celebrate this day as the day of Eid (joy).

Christmas is a combination of two words Christ and Mass.Christ refers to Hazrat Isa عليه السلام and Mass means assembly or gathering. **Meaning:** Gathering for Hazrat Isa.

In fact,there are many different opinions even among Christian scholars regarding the date of birth of Hazrat Isaعليه السلام.The personality of Hazrat Isa عليه السلام is very respectable. Allah has mentioned various things about them in the Qur'an (Surah mariyam etc.)His pious life and the noble and pure personality of his mother Hazrat Mariyam عليها السلامare given in the Quran.

It is important for Muslims to be aware of this basic information. Also it is necessary to protect oneself from all un-Islamic customs and rituals.We should not let our children drift away from religion and faith (Iman) by getting lost in dreams of quality education. It is not permissible to buy items related to these festivals like Christmas cake, Christmas tree, Christmas hats, balloons, clothes etc. on this festive occasion. In the hadith it is strictly forbidden to have customs or things with non-Muslims.

Huzur ﷺ has decreed in a hadith that the person who compared with the non-Muslims people will be from among them. It is written in the fatwamehmudiya that all these things are illegal and criminal. (29/353) One who gives money to honor and celebrate the festival of non-Muslims and participates in it is Kufr. It is necessary for Muslims to avoid (repentance) from such actions. **(Ulama e Ahnaaf , Deoband.)**

## (૪૮૫) ક્રિસ્મસની વાસ્તવિકતા અને આપણી મર્યાદા (limit)

ક્રિસમસ અંગે ખ્રિસ્તી લોકોની માન્યતા એ છે કે ૨૫ ડીસેમ્બર હઝ. ઇસા عليه السلام નો જન્મ દિવસ છે દુનિયાના વિવિધ ખ્રિસ્તી સંપ્રદાયો તેને ધામધુમથી ઉજવે છે.

યુનીવર્સીટી ઓફ એન્ટ્રસ ખાતે ઇતિહાસ અને રિસર્ચ વિભાગના પ્રો.ડૉ.સેમ્યુઅલ બેકેયાસીટી જણાવે છે કે (આધુનિક બાઇબલ) અહદ નામાએ જદીદમાં આ બાબતનો સંકેત પણ નથી ક્રિસ્મસ શબ્દ બાઇબલમાં પણ મોજૂદ નથી.

પ્રો.હાર્બટ આર્મસ્ટ્રોંગ ઇસાઇ ધર્મના પ્રચારક જણાવે છે કે ક્રિસ્મસ શબ્દનો અર્થ ઇસા عليه السلام ની પ્રણાલી. આ તહેવાર બિન ઇસાઇ અને પ્રોટેસ્ટીનીઝ લોકો દ્વારા રોમન કેથલીક ચર્ચમાં શરૂ થયો છે,આ બાઇબલમાં નથી,અહદનામએ જદીદ (આધુનિક નવું બાઇબલ) માં નથી કે પછી ન તો ઇસા અલ.ના વિશ્વાસનીય અનુયાયીઓ જેઓ તેમનાથી શિક્ષિત હતા. બલ્કે આ તહેવાર ચોથી સદી ઇસ્વીમાં મૂર્તિપૂજક લોકો દ્વારા રોમન કેથલિક ચર્ચમાં આવ્યો. (The plain Truth about christmas By Herbert w. Armstrong-evangalist)

ટુંકમાં કુર્આનેપાક અને અહાદીષે પાકની તાલીમ અનુસાર જોઇએ તો અલ્લાહતઆલા કુર્આનેપાકમાં ફરમાવે છે "અય ઇમાનવાળાઓ! તમો યહૂદી અને નસારાને દોસ્ત ન બનાઓ... તેઓ આપસમાં (તમારી દુશ્મની માટે) એક બીજાના મિત્ર છે.. (સૂ.માઇદહ આ.૫૧)

અહાદીસેપાકના અભ્યાસથી માલમ પડે છે કે રસૂલેપાક સલ.ને આ વાત સખત નાપસંદ હતી કે જહાલતકાળમાં ઉજવાતી કોઇ પણ ખૂશી કે તેનો જરા પણ પ્રભાવ મુસલમાનો પર પડે. એટલાજ માટે નબીએ કરીમ ﷺ એ દરેક પ્રસંગ અને દરેક જગ્યાએ મુસલમાનોને ગેરકોમના તરીકાથી દૂર રહેવા (ખાલિફુલ મુશ્રીકીન... બુખારી શ.-૫૮૯૨) ની પ્રેરણા (તાલીમ) આપી છે - માટે હઝ. ઇસા. عليه السلام સાથે જે પ્રકારે અને જેટલા પ્રમાણમાં અકીદો રાખવાતનો હુકમ આપવામાં આવ્યો છે તેનાથી આગળ ન વધવું જોઇએ.

## (485) The reality of Christmas and our limitations

The belief of Christians about Christmas is that 25 December is the birthday of Hazrat Isa عليه السلام and various Christian denominations of the world celebrate it with pomp.

Professor Dr.Samuel Beckett of the Department of History and Research at the University of Entrus that there is not even a hint of this in the Ahadnama (modern Bible) and the word Christmas does not exist in the Bible.

Prof. Hebert Armstrong the Evangelist of Christianity states that the word Christmas means the Christian system. The festival originated in the Roman Catholic Church by non-Christians and Protestants, not in the Bible, not in the modern Bible, or in the writings of the faithful followers of Jesus who were educated by him. Rather, the festival was introduced to the Roman Catholic Church by pagans in the 4th century AD.

In short, according to the teachings of the Quran and Ahadith, Allah says in the Quran "O you who believe! Do not befriend the Jews and the Christians; they are friends to each other (for your enmity)".

From the study of Ahadith, it is clear that Prophet Muhammad(pbh) strongly disliked that any happiness celebrated during the period of ignorance should have any influence on the Muslims. That's why Nabi ﷺhas taught Muslims on every occasion and in every place to stay away from the beliefs and rituals (Customs)of non-Muslims. Therefore, one should not go beyond what has been ordered to keep faith with Hazrat Isa عليه السلام.

## (૪૮૬) હુઝુર ﷺ ની પાંચ કિંમતી નસીહતો

હઝ.જાબિર બિન સુલેમ ؓ કહે છે કે મેં નબીએ કરીમ ﷺ થી વિનંતી કરી કે મને કંઇ નસીહત કરો : આપ ﷺ એ ફરમાવ્યું તમો કદી કોઇને ગાળો ન આપો. હઝ.જાબીર ؓ કહે છે કે એના પછીથી મેં કોઇને પણ ગાળો આપી નથી, ન કોઇ ગુલામ ને, ન કોઇ આઝાદને, ન કોઇ ઊંટને, ન કોઇ બકરીને. અને આપ ﷺ એ ફરમાવ્યું કે: નેકીની કોઇ વાતને હકીર (હલ્કી) ન સમજો! અને જો તમો પોતાના ભાઇથી હસતા ચહેરાથી મળશો તો આ પણ નેકી છે - અને પોતાના પાયજામાને અર્ધ પીડલી સુધી ઉંચો રાખો, જો આ ન થઇ શકે તો ટખ્નોથી ઉપર રાખો અને પાયજામો (લૂંઘી,સલવાર) ટખ્નોથી નીચે લટકાવવાથી બચો એટલા માટે કે આ તકબ્બુરની નિશાનીમાંથી છે અને બેશક અલ્લાહતઆલા તકબ્બુરને પસંદ નથી ફરમાવતા,અને જો કોઇ માણસ તમને બુરૂ ભલુ કહે અને તમારા અંદર જે બુરાઇની એને જાણ (ખબર) હોય એનાથી તમને શરમ અપાવે તો તમો એને એની બુરાઇ (ઐબ) થી શરમ ન આપો, કેમકે એનો વબાલ એના પર પડશે. (સુનને અબુ દાઉદ)

**(અઝ:"અલબલાગ" ઉર્દૂ-કરાચી ,ઓકટો.૨૦૨૨)**

## (486) 5 valuable advice of Prophet Muhammad ﷺ

Hazrat Jabir bin Sulaim ؓ says that I requested Nabi-e-Karim to advise me: Nabi ﷺ have decreed that you would never insult anyone. Hazrat Jabir says that after that I didn't abuse anyone, not a slave, not a independent man, not a camel and not a goat. And Nabi ﷺsaid, "Don't take any good thing for lightly!" If you smile at your brother, than this is also goodness (neki) - and keep your payjamas at your half calf (pindli), If this can't be done, keep it above the ankle,avoid hanging the pyjamas (lunghi,salvar..etc) below the ankle, because this is a sign of arrogance, and surely Allah doesn't like arrogance. If a man tells you bad and if he has knowledge (information) of bad things within you, than If he shamed you, do not shame him with his defect (Aeb), for his sin will fall upon him.(Sunan Abu Daooud)

**(from : " Albalagh" urdu - Karachi, oct.2022)**

## (૪૮૭) સૂવા પહેલાંના આદાબ

હઝ.જાબિર ﷺ થી રિવાયત છે કે રસૂલેપાક ﷺ એ ઈરશાદ ફરમાવ્યું:"જયારે રાતના અંધારૂ થઈ જાય તો પોતાના બચ્ચાઓને (ઘરો) થી બહાર ન જવાદો કેમકે તે વખતે શૈતાન ફેલાય જાય છે, અને જયારે રાતનો અમૂક હિસ્સો પસાર થઈ જાય તો એમને છોડી દો, (જવા દો) રાત્રે અલ્લાહનું નામ લઈને પોતાનો દરવાજો બંધ કરો અને અલ્લાહનું નામ લઈને ચિરાગ (લાઈટ) બંધ કરો તથા ખુલી વસ્તુને ઢાંકી દો કોઈ વસ્તુ ઢાંકવાનું ન મળે તો કોઈ લાકડી વગેરે એના ઉપર મુકીદો. (બુખારી શ.)

હઝ.આઈશા ﷺ ફરમાવે છે કે હું રાતના રસુલુલ્લાહ ﷺ ના માટે ત્રણ વાસણ ઢાંકીને રાખતી હતી એક વાસણ આપ. ﷺ ના વુઝુના પાણીનું, એક વાસણ આપ ﷺ ની મિસ્વાક માટે અને એક આપ ﷺ ના પીવાના પાણીનું વાસણ. (ઈબ્ને માજહ)

### દરેક સારૂં (શુભ) કાર્ય જમણી બાજુથી કરવું

હઝ.આઈશા ﷺ ફરમાવે છે કે રસુલુલ્લાહ ﷺ ને પગરખાં પહેરવા, કંગી (કાસકી) કરવા અને પાકી હાસિલ કરવા એવીજ રીતે કરેક સારા કામો જમણી તરફથી શુરૂ કરવાનું સારૂં લાગતું હતું. (બુખારી.શ.)

દરેક સારા કામોની શુરૂઆત જમણી તરફથી કરવુ સુન્નત છે, આ હદીસમાં ત્રણ કામોનો ઉલ્લેખ કર્યો છે પરંતુ આપ ﷺ ની મુબારક આદત દરેક સારા કામ જમણી તરફથી શુરૂ કરવાની હતી દા.ત. કોઈ વસ્તુ વહેંચતી વખતે જમણી તરફથી શુરૂ કરવું અને લિબાસ (કપડા) પહેરવામા જમણી તરફથી શુરૂ કરવું,સુતી વખતે જમણી પડખા પર સુવું, જમણા હાથથી ખાવું-પીવુ,મૈયતને કબ્રમાં જમણી બાજુ પર સુવડાવવું, મસ્જિદમાં દાખલ થતી વખતે પહેલા જમણો પગ દાખલ કરવો વિગેરે...(મહાસિને અખ્લાક)

## (487) Good manners before going to bed

It is narrated from Hazrat Jabir ؓ that Prophet Muhammad ﷺ said: "Do not let your children go out of the house when the night is dark, for that at that time the devil spreads,and when part of the night passed let them go .Atthe night Close your door by taking the name of allah and close the lamp by taking the name of Allah and cover the exposed objects. If there is no covering, put a stick etc only. (Bukhari sh.)

Hazrat Ayesha ؓ says that I used to putthree pots covered for Prophet Muhammad ﷺ at night.One vessel of water for Prophet Muhammad ﷺ wuzu, one for Prophet Muhammad ﷺ Miswak and one Prophet Muhammad ﷺ drinking water vessel. (Ibne majah)

### Every good (auspicious) work should be done from the right side..

Hazrat Ayesha ؓ states that Prophet Muhammad ﷺ thought it good to start every good work from the right side like putting on shoes, combing and attaining purity. (Bukhari sh.)

It is sunnah to start every good deed from the right side, 3 deeds are mentioned in this hadith but the blessed habit of Prophet Muhammad ﷺ was to start every good deed from the right sidei.e. Start from right side while sharing something and start from right side while dressing. While sleeping, lie on the right side, eat and drink with the right hand. Laying the deceased on the right side in the grave, entering the mosque with the right foot first etc. (Mahasine akhlaq)

## (૦૦૦) સોનેરી વાતો

ત્રિદિવસીય ઈજતેમામાં હઝરત મૌલાના ઇબ્રાહિમ દેવલા દા.બ. ના બયાનની કેટલીક જરૂરી વાતો. ▪ દીન ની વાતો સાંભળવી અસલમાં દીન લાવવા માટે છે. દાવતનાં મારફતે એક જીંદગી માંથી નીકળી બીજી જીંદગી તરફ આવવું છે. ▪ જ્ઞાન (ઇલ્મ) (knowledge) અજ્ઞાનતા (ignorance) દૂર કરવા માટે છે ▪ જેને જે કંઈ મળ્યું છે તે આપણી કસોટી માટે છે જેથી ધોકામાં નપડવું જોઈએ. ▪ દરેક માણસ દુનિયામાં મુસાફિર છે. આપણને એવું બતાવવામાં આવ્યુ છે, કે તમે આખીરત (hereafter) તરફ જઈ રહ્યા છો, પણ આપણી ગફલત આપણને આ હકીકતથી દૂર કરીદે છે. ▪ શરીરની જરૂરત માટે રોજી રોટી ની જવાબદારી અલ્લાહે પોતે લીધી છે અને રૂહ (soul) ની જરૂરત માટે અલ્લાહે કુઆન આપ્યુ. ▪ જે લોકો પોતાનો અને અલ્લાહનો સંબંધ (relation) સુધારી લેશે તો અલ્લાહ તેનો અને મખલુક નો સંબંધ સુધારી દેશે. ▪ નબી સલલ્લાહુ અલયહિ વ સલ્લમ ની પેરવી (following) જરૂરી છે. પેરવી વગર કાર્યોનો સ્વીકાર (accepted) કરવામાં આવશે નહીં. ▪ દીન માં બે વસ્તુ છે. હુકમ અને પદ્ધતિ. હુકમ અલ્લાહ આપે છે અને પદ્ધતિ નબી આપે છે. ▪ દાવત નું કામ ફક્ત ફરવા માટે નથી પરંતુ દીન શીખવા અને જીંદગી માં લાવવા માટે છે. ▪ જીંદગી સુન્નતવાળી બનાવો. દેખાદેખી ન કરો. ▪ હક ઉપર રહો અને હદ થી આગળ ન વધો. ▪ જેને પોતાની ખામીઓ (drawbacks) નું ધ્યાન રેહશે તેજ માણસ કામિયાબ રેહશે.

## (૪૮૮) અલ્લાહ તઆલાની મુહબ્બત

**અલ્લાહ તઆલાની મુહબ્બત મશાઈખ (બુઝુર્ગો) ની સોહબત ઈખ્તિયાર કરવાથી અને અલ્લાહ તઆલાનો ઝીક્ર વધુ પ્રમાણમાં કરવાથી પૈદાથાય છે. આપણે પાંચ વખતની નમાઝમાં પઢીએ છીએકે 'વતબારકસ્મૂક' અર્થાત એ અલ્લાહ તારું નામ બરકત વાળું છે. આમ જયારે અલ્લાહ તઆલાનું નામ એટલે કે ઝીક્ર વધુ પ્રમાણમાં લેવામાં આવશે તો જરૂર બરકત થશે. (નફહ્તે તય્યિબહ : ઈરશાદાતે શૈખ મૌ. અ.કાદિર રાયપુરી રહ.)**

## હર હાલમાં ખુશ રહો.......

ગૈબી રીતે જે કંઈ હાલાત આવે અને આકાશી રીતે જે કઈ અકસ્ત્માતો ઉદભવે એને વિશાળ હ્રદય રાખીને સ્વીકારો.અલ્લાહ તઆલાથી દરેક હાલતમાં ખુશ રહો અને તમારાથી જ્યાં સુધી થઇ શકે અલ્લાહના બંદાઓની જરૂરતો પૂરી કરવામાં લાગેલા રહો કારણકે જે માણસ દુનિયામાં પોતાના ભાઈ (ઈમાનવાળા) ની જરૂરતો પૂરી કરશે અલ્લ્લાહ તઆલા તેની આખિરતમાં સિત્તેર(૭૦) જરૂરતો પૂરી ફરમાવશે, - કોઈ કોમનો ઈજ્જતવાળો માણસ બેઈજ્જત થઇ ગયો હોય અથવામાલદાર માણસ મોહતાજ બની ગયો હોય તો તેના પર દયા કર્યા કરો - વધારે સદકો કર્યા કરો કારણકે અલ્લ્લાહ તઆલા તેના દ્વારા મુશીબતોને દૂર કરી આપે છે.મેહમાનોની ઈજ્જત (ખિદમત) કરો કારણ કે નુબુવ્વત મળવા પેહલા નબીએ કરીમ(સ.વ) ની ઈબાદત આજ હતી.

(ઈર્શાદાતે સૈયદ અહમદ રીફાઇ ર હ. બુન્યાદુલ મશીદ ૧૫૭)

## (488) Love Of Allah

The love of Allah is obtained by being in the company of holyman(buzurg) and remembering Allah more.We recite five times in Namaz that "Watabarakasmuk" means: O Allah, blessed is your name. Thus, when Allah's name is taken more, there will definitely be blessings. (Nafhate Tayyib, Irshadate Mo.Abdul Qadir Raipuri Ra.)

## Always be happy

Accept with a large heart whatever situation may arise in the unseen (Geby) way and whatever accidents may arise in the celestial way. Be happy with Allah in every situation and as much as you can try to fulfill the needs of the servants of Allah, because whoever fulfills the needs of his Momin brothers in this world, Allah will fulfill seventy (70) of his needs in the hereafter (Akhirat).

If an honourable man of a community has become dishonourable or a rich man has become poor, act mercifully with him, do more sadaqas, because Allah removes the troubles through it.Serve and respect the guests because this was the worship of Prophet Muhammed ﷺ before Nubuwwah. (Bunyadul Masheed 157, Irshadate Sayyid Ahmed Rifaai Ra.)

## (489) A rare cure for incurable diseases

Muhaddisul Asr Hazrat Allama M.Anwar Shah Kashmiri (R.A) said that after reciting the last verse of each surah of the Quran, blow on water and make the sick person drink and blow on each aayat and recite 114 aayat in this way, the same will happen.

**Note** :- It is not necessary to read by one person, two or four people can also read together

## What is taqwa ?

AllamaSuyuti (R.A) say that taqwa is the name of obeying all the commands of Allah and avoiding the prohibited things. Allama Waqidi (R.A) wrote that taqwameans person adorns his heart for his Creator in such a way that he adorns his public appearance for people.

(Tafsire Kabir part :- 1/24)

## (૪૮૯) લા ઇલાજ(uncurable) બિમારીઓ માટે એક નાયાબ (unprocurable) અમલ

મુહદ્દિસુલ અસ્ર હઝરત અલ્લામા મવ.અનવર શાહ કશમીરી રહ. એ ફરમાવ્યું કે કુર્આને કરીમ ની દરેક સુરતની છેલ્લી આયત પઢીને પાણી પર દમ કરે અને બીમારને પીવડાવે અને દરેક આયત પર દમ કરે એવી રીતે ૧૧૪ આયતો પઢે તો એટલાજ દમ (ફુંક) થશે.

**નોટ :-** એકજ માણસનું પઢવુ જરૂરી નથી બે ચાર માણસો પણ મલીને પઢી શકે છે. (મુજર્રબાતે અલ્લામા કાશમીરી રહ.)

## તકવો શું છે ?

અલ્લામા સુયુતી રહ.ફરમાવે છે કે તકવો અલ્લાહ તઆલાના બધાજ હુકમો પર અમલ કરવા અને મનાઇ કરેલ બાબતોથી બચતા રહેવાનું નામ છે. અલ્લામા વાકીદી રહ.એ લખ્યુ છે કે તકવો તેને કહે છે કે ઇન્સાન પોતાના દિલને પોતાના ખાલિક (સર્જનહાર) માટે એવીરીતે શણગારે જેવીરીતે કે પોતાના ઝાહિરી દેખાવને મખ્લુક (લોકો) માટે શણગારે છે. (તફસીરે કબીર ભા.-૧/૨૪)

## (૪૯૦) હુઝૂર સલ.નો દોસ્ત..

હઝ.અબુ ઉમામહ રદી.ફરમાવે છે કે રસુલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું : મારા દોસ્તોમાં બધાથી પ્રિય તે માણસ છે જે ગરીબ,નમાઝી અને પોતાના રબની સારી રીતે ઇબાદત કરવાવાળો છે,ઉપરાંત એ કે જે એકાંત મા પણ પોતાના રબની ઇતાઅત (ફરમાબરદારી) કરે, લોકોથી છુપાયેલો રહે અને એની તરફ આંગળીઓથી ઇશારો ન કરવામાં આવે, એની રોઝી જરૂરત પુરતી હોય અને તે એના પર સબ્ર કરતો હોય,નબીએ કરીમ ﷺ એ હાથથી ચપટીઓ વગાડી અને ફરમાવ્યું: એની મૌત જલ્દી આવે અને એના પર રડવાવાળા ઓછા હોય અને એની મિરાષ પણ ઓછી હોય. (જામેઅ તિરમિઝી)

## ફકીરો - ગરીબોનું માન - સન્માન

હઝ.અનસ ؓ કહે છે કે રસુલુલ્લાહ ﷺ એ આ દુઆ ફરમાવી યા અલ્લાહ! મને ગરીબોવાળી જીંદગી આપ! અને મને મોત પણ ગરીબીની હાલત મા આપ અને કયામતના દિવસે મારો હશ્ર પણ ગરીબો સાથે કરજે, હઝ.આઇશા ؓ એ અર્જ કર્યુ: કેમ યા રસુલુલ્લાહ ﷺ ? આપ ﷺ એ ફરમાવ્યું એટલા માટે કે ગરીબ (માલદારોથી) ચાલીસ વરસ પહેલા જન્નતમાં દાખલ થશે એ આઇશા! કદી કોઇ ગરીબને પાછો ન કાઢવો,જેને આપવા માટે અર્ધી ખજુર પણ કેમ હોય, ગરીબોથી મુહબ્બત કરો અને એમને પોતાનાથી નઝદીક કરો, એટલા માટે કે એનાથી અલ્લાહતઆલા તમને કયામતના દિવસે પોતાની નઝદીકી નસીબ કરશે. (જામેઅ તિરમીઝી)

(અઝ: અલબલાગ-ઉર્દૂ 'કરાંચી' ડીસે.૨૦૨૨)

## (490) Prophet Muhammedﷺ's friend

Hazrat Abu Umamah رضي الله عنه narrates that the Prophet Muhammed ﷺ said: The dearest of my friends is the man who is poor, prayerful and worships his Lord well, and he who obeys his Lord even in solitude, he stays hidden from people and people doesn't point finger to him. His sustenance is sufficient and he is patient with it, the Prophet Muhammed ﷺ clapped his hands and said: May his death come soon and there will be few who mourn over him and his inheritance would also be small. (Jame Tirmiji)

## Beggars and Poors' Respect...

Hazrat Anas رضي الله عنه says that the Prophet Muhammed ﷺ made this dua: Ya Allah! Give me a poor life! And give me death in a state of poverty and make my with the poor on the doomsday, Hazrat Ayesha رضي الله عنها said: Why O Rasulullah? Prophet Muhammed ﷺ said because the poor will enter Jannah forty years before the rich. Prophet Muhammed ﷺ said O Ayesha! Never turn away a poor person, even if you have half a date (khajur) to give, love the poor and draw them close to you, so that Allah will make you near to himself on the doomsday. (Jame Tirmiji)

**(from:" Albalagh"urdu-Karachi,Dec.2022)**

## (૪૯૧) પોતાના હાથનીચેના લોકોને માફકરવું

હઝ.અબ્દુલ્લાહ બિન ઉમર ﷺ ફરમાવે છે કે એક માણસ હુઝુર ﷺ પાસે આવ્યો અને કહ્યું કે એ રસુલુલ્લાહ ﷺ ખાદીમનો કયાં હદ સુધી જુર્મ (ભુલ) માફ કરવામાં આવે? આપ ﷺ ચુપ રહયા. એમણે ફરીવાર તે વાત કહી આપ ﷺ ચુપ રહયા. જયારે ત્રીજી વખત આજ વાત પુછી તો આપ ﷺ એ ફરમાવ્યું "દરરોજ સીત્તેર (૭૦) વખત પોતાના ગુલામને માફ કરો" (સુનને અબુદાઉદ)

## કર્મચારી (ખાદીમ)ને પ્રોત્સાહન નો હુકમ

હઝ.અબુઝર ﷺ ફરમાવે છે કે રસુલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું : આ કર્મચારી (ખાદીમ) તમારા ભાઇ છે (આદમની અવલાદ છે) અલ્લાહતઆલાએ તમારા કબ્જા (તાબા) માં આપ્યા છે એમને તે જ ખવડાવો જે પોતે ખાતા હોય અને તે જ પહેરાવો જે પોતે પહેરતા હોય અને એમને મુશ્કિલ (અઘરા) કામનો હુકમ ન આપો, મુશ્કેલ કામનો હુકમ આપો તો એમની મદદ પણ કરો (પોતે એ કામમાં એમના ભાગીદાર બનો. **(સુનને ઈબ્ને માજહ)**

(અઝ: અલબલાગ-ઉર્દૂ 'કરાંચી' ડીસે.૨૦૨૨)

## (491) Forgiveness of subordinates

Hazrat Abdullah bin Umar ﷺ says that a man came to the Prophet Muhammad ﷺ and asked how far the crime of the employee should be forgiven? Prophet Muhammad ﷺ was silent. He said that again than also Prophet Muhammad ﷺ was silent. When he asked about this for the third time, Prophet Muhammad ﷺ said "Forgive your slave 70 times every day". (Sunane Abudaud)

## Order of promotion to employees

Hazrat Abuzar ﷺ says that Prophet Muhammad ﷺ said: This servant is your brother (son of Adam) whom Allah has given into your custody. Feed them with what you eat and clothe them with what you wear and do not order them to do hard work, if you order hard work, help them (be yourself and their partner in the work).
(Sunane Ibnemajah)

## (૪૯૨) : માહે રજબ :

આ ઇસ્લામી વર્ષનો સાતમો મહીનો છે. રજબનો અર્થ કુરબાની અને ઇઝ્ઝતનો છે. નબીએકરીમ ﷺ આ મહીનાનો ચાંદ જોઇને આ દુઆ પઢતા હતા.

اَللّٰهُمَّ بَارِكْ لَنَا فِيْ رَجَبَ وَشَعْبَانَ
وَبَلِّغْنَا رَمَضَانَ

“અલ્લાહુમ્મ બારિકલના ફી રજબ વ શઅબાન વ બલ્લિગના રમઝાન” **તર્જુમો:-** યા-અલ્લાહ! અમારા માટે રજબ અને શઅબાનના મહીનામાં બરકત આપ અને અમોને રમઝાન સુધી ખેરિયતના સાથે પહોંચાડી દે. આ મહીનાની સત્તાવીસમી રાતના જનાબ નબીએ કરીમ સલ.ને જિસ્મે મુબારકના સાથે મે’રાજ શરીફ થઇ. આપ સલ. મક્કા મુઅઝ્ઝમાથી બય્તુલ મુકદ્દસ, ત્યાંથી સાતમાં આસ્માન પર પહોંચ્યા અહી સુધી કે અર્શે અઝીમ પર પહોંચીને અલ્લાહતઆલાનો દીદાર અને વાતચીત કરવાનો મોકો અર્પણ થયો અને આપને પાંચ વખતની નમાઝનો તોહફો મળ્યો, મે’રાજનો આ અઝીમુશ્શાન મરતબો આપ સલ. સિવાય અન્ય કોઇ પયગમ્બરને નસીબ થયો નથી.

(અઝ: બારહ મહીનેંકે ફઝાઇલ, દા.ઊ. કંથારીઆ)

## (૪૯૩) માહે રજબ અને હઝારી રોઝો:

આપ ﷺ ને મે’રાજ જેવી મોટી નેઅમત જે મહીનામાં આપવામાં આવી, એ એક ખાસ ફઝીલત રાખે છે અને એમાં ઇબાદત કરવાનો વધારે સવાબ છે પરંતુ આ વાત પણ સહીહ છે કે ફઝીલતની કોઇ હદ અલ્લાહતઆલા અને રસુલુલ્લાહ ﷺ ના વિવરણ ના વગર નક્કી નથી થઇ શકતી,એવીજ રીતે કોઇ પણ અમલની નિયુક્તિ પણ અલ્લાહતઆલા અને રસુલુલ્લાહ સલ.ના હુકમ પર આધારીત છે,બસ ફકત આટલુ જ જોવાનુ છે કે આ મહિનાના મુતઅલ્લિક જે આમાલ મશહુર છે એનો શરીઅતમાં શું હુકમ છે?

આમ તોર પર લોકો રજબ મહીનાની સત્તાવીસમી તારીખનો રોઝો રાખવાનો સવાબ એક હઝાર રોઝહના બરાબર સમજે છે, એટલા માટે એને હઝારી રોઝો કહે છે, પરંતુ આ ફઝીલત સાબીત નથી, એટલા માટે કે વધુ પડતી રિવાયત તો આના બારામાં સહીહ નથી, એટલા માટે આ રોઝાના બારામાં સુન્નત હોવાનો ભરોસો ન રાખવામાં આવે, જો કોઇ માણસ હઝાર રોઝાના બરાબર સવાબ ન સમજે પરંતુ ફકત ફઝીલત હોવાનો દિવસ સમજી રોઝો રાખે તો એમા કોઇ વાંધો નથી જેમ કે શામી વગેરહ માં ખુલાસો છે.

(અઝ: બારહ મહીનેંકે ફઝાઇલ, દા.ઊ. કંથારીઆ)

## (492) The month of Rajab

This is the seventh month of Islamic year. The meaning of Rajab is Sacrifice and prestige. The Prophet Muhammad ﷺ recites this Dua after watching the moon of this month.

اَللّٰهُمَّ بَارِكْ لَنَا فِيْ رَجَبَ وَشَعْبَانَ
وَبَلِّغْنَا رَمَضَانَ ؕ

"Allahumma Bariklana fi Rajab wa Shaban wa Balligana Ramzan" Translation:- Oh Allah! Give us virtue in the month of Rajab and Sha'aban and reach us to the month of Ramdan with goodness. In the 27th date of Rajab the Prophet Muhammad ﷺ went to Meraj Shareef with Jisme-Mubaarak. From Mecca Muajjim to Baitul Muqaddas and from this to seventh sky and till arsh-e-azeem and see Allah Ta'ala with his eyes and also get the chance to talk with Allah Ta'ala. And we get the gift of five prayers. Except the Prophet Muhammad ﷺ no any person gets this valuable stutus.

(From: Baarah Mahineke Fazail, Darul Uloom Kantharia)

## (493) The Month of Rajab and Hazaari Fast

The month in which great blessings like Meraaj was given to the Prophet Muhammad ﷺ has a special virtue and it has more merit to be worshipped. In the same way the appointment of any execution is also based on the order of Allah and the Prophet Muhammad ﷺ

Thus,the people understand the meaning of keeping the fast of the 27th day of the month of Rajab as equal to one thousand fasts, that is why it is called Hazari Fast. But this virtue is not proven because too much tradition is not valid about this, therefore don't believe in being, if a man doesn't understand the exact answer of hazaari Fast but only understands the day of being a Fazilat, then it doesn't matter, as is explained in Shami. (From: Baarah Mahineke Fazail, Darul Uloom Kantharia)

## (૪૯૪) ઉસ્તાદની બેઅદબી ઇલ્મથી મહરૂમીનું કારણ..

ઉસ્તાદ (શિક્ષક) ની બેઅદબી કરનાર ઇલ્મથી મહરૂમ રહે છે. ખુબ ધ્યાનથી સાંભળો જે વિદ્યાર્થી હડતાળ (સ્ટ્રાઇક) માં જોડાશે અથવા ઉસ્તાદોને કોઇ પણ રીતે સ્વમાનભંગ કે બેઅદબી કરશે - ભલે તે કેટલો પણ હોશિયાર હોય,ગમે તેટલી લાયકાતો ધરાવતો હોય પરંતુ તે ઇલ્મથી વંચિત રહી જશે પછી તે ભલે પાછળથી કોઇ નેતા બને કે કંઇ પણ બને.મારી ખૂબ આગ્રહપૂર્વક આપ લોકોને વિનંતી છે કે ઇલ્મ પ્રાપ્ત થાય - તો ઉસ્તાદનો અદબ કરશો ઉસ્તાદની જેટલી ઇઝ્ઝત કરશો તેટલો ઇલ્મ પ્રાપ્ત થશે.

મેં મારા બળપણના સમયમાં પોતે જોયું છે કે મુસલમાન ઉસ્તાદનો બિન મુસ્લિમ વિદ્યાર્થી અને ગેર મુસ્લિમ ઉસ્તાદનો મુસ્લિમ વિદ્યાર્થી ઉચ્ચ હોદ્દા પર હોવા છતાં પણ તેમને માન સન્માન આપતા હતા જજ બની ગયા, કલેકટર બની ગયા વગેરે.. પરંતુ જો ઉસ્તાદ સામે આવી જાય તો આદરપૂર્વક તરત ઉભા થઇ ગયા અને માનપૂર્વક તેમને બોલાવતા, જાણ થઇતો ખબર પડી કે બાળપણમાં એ શિક્ષક પાસે લખતા વાંચતા કે ગણિત વગેરે શિખ્યુ હતું જેના કારણે માન આપ્યું. **માટે યાદ રાખો!** આ બાબતો છે જેને અપનાવવી જોઇએ આપણી દૂર્ભાગ્યતા (કમનસીબી) છે કે આ બાબતો ધીરે ધીરે ખતમ થઇ રહી છે.

(અઝ કીતાબ : મલફુઝાતે શેખુલહદીસ રહ.પેજ/૫૯)

## (494) Disrespect of teacher causes deprivation of knowledge...

One who disobeys the teacher is deprived of knowledge. Listen Very Carefully ! the student who strikes or shows self-deprecation or disrespect to the teacher in any way, no matter how gifted or qualified he may be, will be deprived of knowledge. Whether he becomes a leader or whatever.I strongly request you that if you want to get knowledge, you should have to respect the teachers. As much as you respect the teachers, the more and useful knowledge you will get.

I have seen in my childhood that a non-Muslim student gives respect to a Muslim teacher and a Muslim student gives respect to a non-Muslim teacher. Even though he held a high position, became a judge, became a collector etc..... But if the teacher comes in front of him, he stood up respectfully and call him respectfully, When we came to know the reason, He learned from him in his childhood, He had learned to write, read, maths etc. from that teacher. Which is why he respected him.So **Remember !** These are the things that should be adopted. Unfortunately, these things are slowly disappearing.(From the book:Malfujat -e- Shaikhul Hadith Ra. Pagr-59)

## (૪૯૫) પ્રત્યેક ઇમાનવાળો કસોટીમાં છે...

હઝ.અબુ હુરૈરહ રદી.થી રિવાયત છે કે રસુલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું : મોમીન મર્દ અને મોમીન ઔરત પર હંમેશા આઝમાઇશ (કસોટી) આવે છે કદી એમની જાત પર, અવલાદ પર અને માલમાં અહિંયા સુંધી કે તે જ્યારે અલ્લાહ તઆલાથી મુલાકાત (ઇન્તિકાલ) કરે છે, તો ગુનાહોથી પાક હોય છે (જામેઅ તિરમીઝી)

## આખિરતમાં લોકો (દુનિયામાં) તકલીફમાં સપડાયેલા હોવાની ઇચ્છા વ્યકત કરશે..

હઝ.જાબીર ﷺ થી રિવાયત છે કે રસુલુલ્લાહ ﷺ એ ઇરશાદ ફરમાવ્યું : કયામતના દિવસે જ્યારે આઝમાઇશવાળાઓને એમની (દુનિયાની) મુસીબતોનો બદલો આપવામાં આવશે તો સુખ ચૈનવાળા તમન્ના કરશે : **કાશ!** એમની ચામડી દુનિયામાં કેંચીઓ (કાતર)થી કાપી નાંખવામાં આવતે, એટલા માટે કે એમને પણ એવોજ બદલો (આખિરતમાં) મળતે.

**(જામેઅ તિરમીઝી)** (અલબલાગ ‘ઉર્દુ’ કરાંચી - ૨૦૨૨)

## (495) Every believer is in testing...

It is narrated from Hazrat Abu Huraira ﷺ that the Prophet Muhammad ﷺ said: The believing man and the believing woman are always tested, sometimes on themselves, on their children and in their wealth, until when they meet Allah, they are free from sins. (Jame Tirmizi)

## In the Hereafter people will wish to be in (worldly) distress

It is narrated from Hazrat Jabir ﷺ that Prophet Muhammad(pbh)said: On the Doomsday, when those who have been tried will be rewarded for their (worldly) troubles, then the happy one will wish: Alas! Their skin would be cut off with scissors in this world, so that they too would get a similar reward (in the Hereafter) (Jame TIrmiji)

## (૪૯૬) છીક અને બગાસા ખાવાના આદાબ...

હઝ. અબુ હુરૈરહ ﵁ થી રિવાયત છે કે રસુલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું : છીક અલ્લાહતઆલાના તરફથી અને બગાસુ શૈતાનના તરફથી છે, જો કોઇને બગાસુ આવે તો પોતાનો હાથ મોઢા પર મૂકી (રાખી) લે એટલા માટે કે બગાસુ લેવાવાળો આહ કહે છે તો શૈતાન એના મોઢામાં હસે છે, અલ્લાહતઆલા છીકને પસંદ કરે છે અને બગાસાને નાપસંદ કરે છે, માટે જયારે કોઇ બગાસુ લેતી વખતે આહ, આહ કહે છે તો શૈતાન એના મોઢાના અંદર હસે છે. **(તિરમિઝી શ.)**

### પોતાના માં - બાપ પર લઅનત કરવું

હઝ.અબ્દુલ્લાહ બિન ઉમર ﵁ કહે છે કે રસુલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું: 'બધાથી મોટો ગુનો આ છે કે કોઇ માણસ પોતાના માં-બાપ પર લઅનત કરે, કોઇએ પછ્યું: યા રસુલુલ્લાહ ﷺ માણસ પોતાના માં-બાપ પર કેવી રીતે લઅનત કરી શકે છે? આપ ﷺ એ ફરમાવ્યું: એક વ્યકિત બીજાના બાપને ગાળો આપે (અપશબ્દો કહે) તો તે (એના જવાબ માં) એના માં-બાપને ગાળો આપશે.' **(સહીહ બુખારી)**

**તશરીહ :** એક માણસ હુઝુર ﷺ ની ખિદમતમાં આવ્યા આપ ﷺ એ પુછ્યું કે આ માણસ તમારી સાથે કોણ છે.? એમણે કહ્યું 'આ મારા વાલીદ સા.' છે આપ ﷺ એ ફરમાવ્યુ: એમના આગળ ન ચાલો, એમનાથી પેહલા ન બેસો અને એમનું નામ લઇને ન બોલાવો, એમને ગાળો આપવાનો ઝરીયો (નિમિત્ત) ન બનો (એટલે કે એવું કામ ન કરો જેથી કોઇ તમારા બાપને અપશબ્દો કહે.) **(તબરાની)**

## (496) Etiquette for sneezing and yawning

It is narrated from Hazrat Abu Hurairah ﵁ that the Prophet Muhammed ﷺ said: Sneezing is from Allah and yawning is from Shaitan (Devil), if someone yawns, put his hand over his mouth because the one who yawns says Aah, Shaitan (Devil) laughs in his mouth. Allah like sneezing and dislikes yawning. For when someone yawns and doing Aah Aah Shaitan (Devil) laughs in his mouth.(Tirmizi Sharif)

### Cursing one's on parents

Hazrat Abdullah bin Umar ﵁ says that the greatest sin that the Prophet Muhammad ﷺ decreed is that a person curses his parents.Someone asked, O Prophet Muhammad ﷺ, how can a man curse his parents? Prophet Muhammad ﷺ decreed that if a person insults (abuse) another's parents, he will insult(abuse) his parents (in response). (Sahih Bukhari)

**Description :** A man came to the service of Prophet Muhammad ﷺ than Prophet Muhammad ﷺ asked him who is this man with you? He said 'This is my father'. Prophet Muhammad ﷺ said: Do not walk ahead him, do not sit before him and do not call him by name, do not be a means of reviling him (i.e. do not act in such a way that someone abuses your father) (Tabrani).

## (૪૯૭) ઇન્સાનની પેદાઇશનો મકસદઃ

આજકાલ કેટલાક લોકોની ઝુબાનથી આ પ્રકારના શબ્દો સાંભળવામાં આવે છે કે અલ્લાહતઆલાએ ઇન્સાનને એટલા માટે પૈદા કર્યો છે કે તે માનવતાની સેવા કરે, બીજા લોકોના દુખ દર્દમાં તેમની મદદ કરે.ઇબાદત કરવું,નમાઝ,રોઝહ,તસ્બીહ વગેરેની પાબંદી ઇન્સાનનો મુળભુત હેતુ નથી તેના માટે તો ફરિશ્તાઓ પણ છે જયારે કે ખુદ અલ્લાહતઆલાએ ઇન્સાનની પૈદાઇશનો હેતુ એ બતાવ્યો છે કે ઇન્સાન અલ્લાહતઆલાની ઇબાદત કરે અને મેં જિન્નાત તથા ઇન્સાનને એટલા માટે જ પેદા કર્યા છે કે મારી જ બંદગી કર્યા કરે. (સુ.ઝારીઆત-૫૬)

હકીકતમાં શરીઅતની દ્રષ્ટિએ માત્ર નમાઝ,રોઝહ એજ ઇબાદત નથી પરંતુ ઝિંદગીના દરેક વિભાગમાં શરીઅતના હુકમો પર અમલ કરવું એ ઇબાદત છે. **ઇબાદતના બે પ્રકાર છે. (૧)** પ્રત્યક્ષ ઇબાદતો : જેવીરીતે નમાઝ, રોઝહ, હજ્જ, ઝકાત વગેરે જેનો મકસદ અલ્લાહતઆલાની ઇબાદત સિવાય કંઇ નથી.

**(૨)** પરોક્ષ ઇબાદતો : તે અમલો જે દુન્યવી ફાયદા માટે કરવામાં આવે છે,પરંતુ જયારે એમાં અલ્લાહ તઆલાની રજામંદી માટે શરીઅતના હુકમોની પાબંદી કરવામાં આવે તો તે પણ ઇબાદત બની જાય છે જેવી રીતે કે વેપાર કરવો કે એનો મકસદ માલમાં નફો પ્રાપ્ત કરવો હોય છે પરંતુ જો એને શરીઅતના હુકમો પ્રમાણે અલ્લાહતઆલાની રજામંદી મેળવવા માટે કરવામા આવે તો તે એક મહાન ઇબાદત બની જાય છે. અહિં સુધીકે આવી રીતે વેપાર કરનાર વેપારી માટે પ્રોત્સાહક ફઝીલતો હદીસમાં બયાન કરવામાં આવી છે જેમકે એક હદીસમા છે કે ‘સાચો અને અમાનતદાર વેપારી કયામતના દિવસે અંબિયા, શહિદો અને સિદ્દીકોની સાથે હશે’ (તિરમીઝી શ.)

**ઇસ્લામમાં મુળભુત રીતે પાંચ વિભાગો છે. (૧)** અકાઇદ (ધર્મ વિશ્વાસ) **(૨)** ઇબાદત (prayers) **(૩)** મઆમલાત - આચરણ (affairs) **(૪)** મઆશિરત (consuetude) સામાજિક વ્યવહાર **(૫)** બાતિની અખ્લાક (ચારિત્ર્ય) જે પૈકી પ્રથમ બે વિભાગો પ્રત્યક્ષ રીતે ઇબાદત છે, જયારે છેલ્લા ત્રણ વિભાગો પરોક્ષ રીતે ઇબાદત છે. વિચાર કરવામાં આવે તો સ્પષ્ટ થશે કે છેલ્લા ત્રણ વિભાગોનો સંબંધ માનવાતાની ખિદમત સાથે છે એક મુસલમાન માટે જરૂરી છે કે અલ્લાહતઆલા સમક્ષ સિજદામા ઝુકવાની સાથે સાથે ઇન્સાનના દુખદર્દમાં તેમની મદદ કરવાના શકય એટલા પ્રયત્નો કરવામાં આવે. આમ અલ્લાહની ઇબાદત પણ કરે અને માનતાની સેવા પણ કરે પરંતુ માત્ર માનવતાની સેવા કરવું મુસલમાન હોવા માટે અને આખિરતના અઝાબથી બચવા માટે કાફી નથી.

## (497) Purpose of human creation:

Nowadays these kind of words are heard from some people that Allah has created human beings to serve humanity, to help them in the sufferings of others.Worshiping, Namaz, Rozah, Tasbih etc. is not the basic purpose of human beings, there are also angels for that. While Allah Himself has shown that the purpose of creation of man is that man should worship Allah, and " I did not create the Jinns and the human beings except for the purpose that they should worship Me (Surah Zaariyaat-56)

In fact, from the point of view of Shariah, not only Namaz, Rozah is worship, but implementation of Shariah order in every department of life is worship.

**There are two types of worship**.(1) Direct worship: like Namaz, Rozah, Hajj, Zakat, etc. whose purpose is nothing but the worship of Allah. (2) Indirect worship: Those acts which are done for worldly gain, but when the injunctions of the Sariah are obeyed for the sake of Allah, then they also become worship, such as doing business or making profit in goods. But if it is done in accordance with the decrees of the Sariah to seek the leave of Allah, then it becomes a great act of worship. Up to this point, encouraging virtues for a merchant who trades in such a manner are stated in hadiths such as in one hadith that 'a true and honest merchant will be with the Ambiya,the martyrs and the Siddiques on the Doomsday'.(Tirmizi Sharif)

**There are basically five divisions in Islam**. (1) Religion Belief (Aqaaid) (2) Prayers (Ibadaat) (3) Affairs(Maamlat) (4) consuetude (Social Behavior) (5) Character. of which the first two sections are direct worship, while the last 3 sections are indirect worship.If you think about it, it will be clear that the last 3 sections are related to the service of the believer. It is necessary for a Muslim to bow down in Sajdain front of Allah and to make as many efforts as possible to help people in their sufferings. Thus worshiping Allah and serving the faith, but serving humanity alone is not enough to be a Muslim and avoid the punishment of the Hereafter.

## (૪૯૮) સલામના અહકામ

ઇસ્લામે મુલાકાતના સમયે **અસ્સલામુ અલયકુમ વરહમતુલ્લાહી વબરકાતુહ** અને જવાબમાં **વઅલયકુમુ સ્સલામુ વરહમતુલ્લાહી વબરકાતુહ** કહેવાનો હુકમ આપ્યો છે, નબીએ કરીમ ﷺ એ ફરમાવ્યું 'એક મુસલમાનનો બીજા મુસલમાન પર હક્ક છે કે તે તેના સલામનો જવાબ આપે'(બુખારી શ.)

સલામ અલ્લાહતઆલાથી રહમત (કૃપા) માંગવાની એક દુઆ છે ત્યાંજ આપસમાં મુહબ્બત અને ભાઇચારો વધારવાનો અને પારકાપણું દૂર કરવાનો એક માધ્યમ છે. - હઝ.ઉમર رضي الله عنه ફરમાવે છે કે ત્રણ વસ્તુઓ એવી છે જેનાથી મુસલમાનોમાં પરસ્પર સંબંધો મજબુત થાય છે (૧) મુલાકતના સમયે સલામ કરવામાં પહેલ કરવી (૨) મુસલમાનને એવા નામથી બોલાવવામાં આવે જેને તે પસંદ કરતો હોય (૩) જયારે કોઇ મજલિસમાં આવે ત્યારે તેને સન્માન અને આદર સાથે જગ્યા આપવામાં આવે.(અઝ ઝુહદ લી ઇબ્નીલ મુબારક-૩૩૬)

જયારે મુસલમાનને મળો તો પહેલા સલામ કરો અને પછી વાતચીત કરો. હઝ.જાબીર બિન અબ્દુલ્લાહ رضي الله عنه આપ ﷺ નુ ફરમાન નકલ કરે છે કે "અસ્સલામ કબ્લલ કલામ"**અર્થાત:-** સલામ વાતચીત કરતા પહેલાં કરવું જોઇએ. (તિરમઝી શ.૨૬૯૯)

અલ્લાહતઆલા કુર્આન શ.માં ફરમાવે છે કે...જયારે તમે પોતાના ઘરોમાં દાખલ થાઓ તો પોતાના લોકોને સલામ કર્યા કરો, જે અલ્લાહ તરફથી મુકર્રર કરેલી ભલી દુઆઓ છે, (અને બરકતવાળી) સારી વસ્તુ છે. (સૂ.નૂર-૬૧)

હઝ.અબ્દુલ્લાહ બિન ઉમર رضي الله عنه ફરમાવે છે કે સલામમાં પહેલ કરવાવાળો ઘમંડથી મુકત છે.(બયહકી-૨૦૬) (બાકી..)

## (498) Virtues & Rules of 'Salam'

Islam has ordered to say Assalamu Alaykum (ww) at the time of meeting and wa alaykumus salam (ww)in response. Prophet Muhammad ﷺ said a muslim has a right over another muslim to respond to his salam'.Salam is a dua to ask for Rahmat (Grace) from Allah,while it is means of increasing love and brotherhood among one another and removing divisivness.

Hazrat Umar ؓ states that there are three things which strengthen mutual relations among muslim.(1)Taking the initiative in greeting (salam) at the time of visit(meeting) (2)A muslim should be called by any good name, which he likes (3) When some one comes to the meeting(majlis),he should be given a place with honour and respect. (Az Zuhd Li Ibnil Mubarak 336).

When you meet a muslim,first greet (salam) and then talk.Hzarat Jabir bin Abdullahؓ narrates the decree of the prophetﷺ that "Assalam Qablal Kalam" means Salam should be done before conversation (tirmizi sh.2699)

Allah ta'ala says in the Qur'an that'… When you enter homes,greet one another with salam, a greeting prescribed by Allah, which is blessed,pleasant…(surah noor 24:62).

Hazrat Abdullah bin Umarؓ says that the one who takes the initiative in salam is free from arrogance. (to be continued...)

## (૪૯૯) સલામના અહકામ

**સલામ અલ્લાહનું નામ છે :** હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને મસઊદ ﷺથી રિવાયત છે કે આપ ﷺ એ ફરમાવ્યું "સલામ અલ્લાહતઆલાના નામોમાંથી એક નામ છે જે અલ્લાહતઆલાએ જમીનવાળાઓને આપ્યું છે એટલા માટે તમે તેને ખુબ ફેલાઓ. (મુઅજમ-અલ-કબીર/૧૦૩૯૧)

**સલામ નેકીમાં વધારો કરે છે :** એક મુસલમાન જયારે બીજા મુસલમાનને મળે છે અને સલામ કરે છે તો તેની નેકીમાં વધારો થાય છે. હઝરત અનસ ﷺ ફરમાવે છે કે આપ ﷺ એ ફમાવ્યું'મારી ઉમ્મતનાં જે માણસથી પણ મુલાકત થાય તેને સલામ કરતા રહો. એનાથી તમારી નેકીમાં વધારો થશે.' (મુસ્નદે અબુ યઅલા-૪૧૮૩)

હઝરત અબુ હુરરૈહ ﷺ થી રિવાયત છે કે આપ ﷺ એ ફરમાવ્યું'તમે જન્નતમાં પ્રવેશ નહી કરો જયાં સુધી ઇમાન નહી લાવો અને પૂરા ઇમાનવાળા નહી બનો જયાં સુધી કે એક બીજા સાથે મુહબ્બત નહી કરો,શું હું તમને એવી વસ્તુ ન બતાવુ કે જયારે તમે તેના ઉપર અમલ કરશો તો એક બીજા સાથે મુહબ્બત કરવાવાળા બની જશો. તે આ છે કે તમારા અંદર **સલામ**ને ખુબ ફેલાવો. (મુસ્લિમ શ.૧૯૬)

હઝ.અબ્દુલ્લાહ બિન ઉમર ﷺ ફરમાવે છે કે જે ઘરમાં પહેલાથી કોઇ હાજર ન હોય તો આ શબ્દો સાથે સલામ કરો 'અસ્સલામુ અલયના વઅલા ઇબાદિલ્લા હિસ્સાલિહીન.' ઘરવાળાઓને સલામ કરવુ ભલાઇ અને બરકતનો સબબ છે જેમકે આપ ﷺ એ ફરમાવ્યું બેટા! જયારે તમે પોતાના ઘરવાળા પાસે જાઓ તો સલામ કરો,તે સલામ તમારા અને તમારા ઘરવાળાઓ માટે બરકત ઉતરવાનો સબબ બનશે.(તિરમિઝી શ.૨૬૯૮) - આજ રીતે ઘરમાંથી બહાર જતી વખતે પણ ઘરવાળાઓને સલામ કરવા માટે ફમરમાવ્યું છે આપ ﷺ એ ફરમાવ્યું જયારે ઘરમાં દાખલ થાઓ તો ઘરવાળાઓને સલામ કરો અને જયારે ઘરમાંથી બહાર નીકળો તો પોતાના ઘરવાળાઓને સલામની સાથે રૂખસત કરો.(બાકી..)

## (499) Virtues & Rules of 'Salam'(2)

Salam is the name of Allah: It is narrated from Hazrat Abdullah Ibn Masood that the Prophet ﷺ said "Salaam is one of the names of Allah which Allah has given to the people of the land so spread it widely.(Mu'ajal-Al-Kabeer/10391 )

Salam Increases Goodness: When a Muslim meets another Muslim and greets him, his goodness increases. Hazrat Anas رضي الله عنه narrates that the Prophet ﷺ said, "Continue to greet every person of my ummah whom you meet. It will increase your goodness.'(Musnade Abu ya'ala-4183)

It was narrated from Hazrat Abu Hurrayh رضي الله عنه that the Prophet ﷺ said, 'You will not enter Jannah until you believe and you will not be full of faith until you love one another, shall I not show you something that when you act on it You will become lovers with each other. It is to spread Salam within you.(Muslim sh.196)

Hazrat Abdullah bin Umar رضي الله عنه states that if no one is already present in the house, greet them with the words *Assalamu Alayna wa ala Ibadilla hissaliheen. Greeting the family is a sign of goodness and blessing as the Prophet ﷺ said, son! When you go to your household, say Salam, that Salam will be a reason for blessing for you and your household.(tirmizi sh.2698)

In this way, even when going out of the house, it is prescribed to greet the householders. The Prophet ﷺ said that when you enter the house, greet the householders and when you leave the house, greet your householders with the salam. (to be continued...)

## (૫૦૦) સલામના અહકામ

**જે લોકોને સલામ કરવુ મકરૂહ છે.**(૧) નમાઝ પઢનાર વ્યકિત (૨) કુર્આનની તિલાવત કરનાર (૩) જે અલ્લાહના ઝિક્ર અથવા દીનની વાતોમાં મશ્ગુલ હોય (૪) હદીસ બયાન કરનાર (૫) ખુત્બો પઢાવનાર (૬) જે વ્યકિત આ પાંચેયને ધ્યાનથી સાંભળતો હોય તેમને પણ સલામ કરવુ મકરૂહ છે. આ ઉપરાંત ફિકહ (મસ્લા-મસાઇલ) ચર્ચા કરનાર, અઝાન કે તકબીર આપનાર એજ રીતે પરાઇ યુવાન સ્ત્રીઓનો પણ આમાં સમાવેશ થાય છે. એનાથી સ્પષ્ટ થાય છે કે ઉમરવાળી (વૃધ્ધ) સ્ત્રીઓને સલામ કરવું બિલા કરાહત જાઇઝ છે. તે ઉપરાંત જયારે ઉસ્તાદ પઢાવતા હોય તે સમયે શાર્ગીદનુ ઉસ્તાદને સલામ કરવું,દાઢી મુંડાવતી વખતે.

**જેમના સલામનો જવાબ આપવો વાજિબ નથીઃ** અલ્લામા જલાલુદ્દીન સુયુતી રહ. એ નીચે પ્રમાણેના લોકોનો એમાં સમાવેશ કર્યો છે જેમના ઉપર સલામનો જવાબ આપવો વાજિબ નથી જે પૈકી એવો વ્યકિત જે નમાઝમાં મશ્ગુલ હોય, જે કુર્આનશરીફની તિલાવત, દુઆ, ઝિક્ર,ખુત્બો કે લબ્બૈક કહેતો હોય, જે ખાવા કે પીવામાં મશગુલ હોય.જે તકબીર કે અઝાનમાં મગુલ હોય,કુદરતી હાજત વખતે, સુતીવખતે, બાથરૂમમાં હોય ત્યારે, પાગલ વ્યકિત, ફાસિક, સલામ કરનાર યુવાન સ્ત્રી. (ગાયતુલ અવતાર ૨૮૭,૨૮૮ ભા-૧)

સલામનો તરીકો એ છે કે સવારી પર સવાર વ્યકિત,પગપાળા ચાલનાર વ્યકિતને સલામ કરે, ઉભેલો કે ચાલનાર વ્યકિત બેસેલાને સલામ કરે,નાનો મોટાને સલામ કરે, અને નાની જમાઅત (ગૃપ) મોટી જમાઅતને સલામ કરે, પાછળનો વ્યકિત આગળના વ્યકિતને સલામ કરે.**(અઝ : કશ્કોલ - બકલમ મુફતી ઇસમાઇલ વાડીવાલા સા.રહ.)**

## (500) Virtues & Rules of 'Salam'

**It is makruh to salam these people.** (1) A person who offers prayers (2) A person who recites the Qur'an (3) A person who is engaged in the dhikr of Allah or Deen (4) A person who recites a hadith (5) A person who recites a sermon (Khutba) (6) A person who listens to these five carefully should also be saluted. Apart from this, it also includes the person who discuss Fiqh (Masla-Masail), give Azan or Takbeer, as well as young women. It is clear from this that it is billa karahat permissible to greet (salam) elderly women. Apart from that, when the Ustad is teaching, the Student should salute the Ustad, while shaving the beard.

**Whose salam is not wajib to be answered :** Allah, may Allah bless him and grant him peace, has included the following people on whom it is not wajib to reply to the salam, among whom is a person who is engaged in prayer, who recites the Qur'an, recites dua, zikr, khutba or labaik, One who is engrossed in eating or drinking. One engrossed in Takbeer or Azan, during natural defecation, while lying down, while in the bathroom, a mad person, an adulteress, a young woman who greets,

The manner of salutation (salam) is that a person riding a horse do salam a person walking, a person standing or walking salam a person sitting, a small one salam to older one, and a small congregation (group) greets (salam) a large congregation, the person behind greets the person in front.

(From the book kashkol: Mufti Ismail wadiwala sa.ra.)